RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

RAJKOT
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ આસો વદ -૧૩ શનિવાર તા.૦૭-૧૧-૨૦૨૬ અંક : ૧૧૭ વર્ષ : ૨૨ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ઉજવી દિવાળી

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દીવો પ્રગટાવ્યો, તેમને ભેટમાં મળી હનુમાન ચાલીસા ,અનેક દેશમાં ઉજવાય છે દિવાળી

વોશિંગ્ટન,

દિવાળીની રોશની હવે માત્ર ભારત પૂરતી સીમિત નથી રહી, પરંતુ દુનિયાના અનેક દેશોમાં પણ આ તહેવારની ધૂમ જોવા મળી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ વ્હાઈટ હાઉસમાં દિવાળીની ઉજવણી કરી હતી. આ ખાસ પ્રસંગે ટ્રમ્પે દીવો પ્રગટાવ્યો હતો. એટલું જ નહીં, તેમને ભેટમાં હનુમાન ચાલીસા પણ આપવામાં આવી હતી. વ્હાઈટ હાઉસમાં યોજાયેલા આ દિવાળી સમારોહની તસવીરો અને ચર્ચા હવે લોકોનું ધ્યાન ખેંચી રહી છે.

ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં દિવાળીનો તહેવાર ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ





વર્ષે અમેરિકાના વ્હાઈટ હાઉસમાં પણ દિવાળીની ખાસ ઉજવણી કરવામાં આવી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ કાર્યક્રમમાં સામેલ થયા હતા. દિવાળીના આ ખાસ પ્રસંગે વ્હાઈટ હાઉસમાં ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો. ટ્રમ્પે પરંપરા મુજબ દીવો પ્રગટાવીને દિવાળીની ઉજવણીમાં ભાગ લીધો હતો.આ દિવાળી સમારોહની સૌથી ખાસ વાત એ રહી કે ડોનાલ્ડ ટ્રમ્પને ભેટમાં હનુમાન ચાલીસા આપવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિ અને પરંપરા સાથે જોડાયેલી આ ભેટે કાર્યક્રમને વધુ ખાસ બનાવ્યો હતો. હનુમાન ચાલીસા ભગવાન હનુમાનની સ્તુતિ માટે રચવામાં આવેલી પ્રાર્થના છે. ભારતના અનેક ઘરોમાં તેનું નિયમિત પઠન કરવામાં આવે છે. ટ્રમ્પને આ ભેટ મળવાની વાતે પણ લોકોનું ધ્યાન ખેંચ્યું છે.

દિવાળી માત્ર દીવા પ્રગટાવવાનો તહેવાર નથી, પરંતુ તે અંધકાર પર પ્રકાશ અને અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે. આ તહેવાર ભારતની સંસ્કૃતિ અને પરંપરાને દુનિયાભરમાં ઓળખ અપાવે છે. અમેરિકામાં મોટી સંખ્યામાં ભારતીયો રહે છે. તેઓ દર વર્ષે દિવાળીનો તહેવાર ઉત્સાહથી ઉજવે છે. વ્હાઈટ હાઉસમાં દિવાળીની ઉજવણી થવી એ પણ ભારતીય સંસ્કૃતિની વૈશ્વિક ઓળખ દર્શાવે છે.

યુપીમાં ટ્રક-ટ્રેક્ટર ટ્રોલીનો અકસ્માત, પાંચના મોત

મૂંડનવિધિનો પ્રસંગ પૂર્ણ કરી ઘરે પરત ફરતા પરિવારને રસ્તામાંજ અકસ્માત નડ્યો

લખનૌ,

ઉત્તર પ્રદેશના સીતાપુર જિલ્લાના પિસાવાં પોલીસ સ્ટેશન વિસ્તારના હિમ્મતનગર પાસે થયો હતો. હરદોઈ તરફથી એક પરિવાર મુંડનવિધિનો પ્રસંગ પૂર્ણ કરીને ટ્રેક્ટર-ટ્રોલીમાં સવાર થઈને પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો. ટ્રેક્ટર-ટ્રોલીમાં પરિવારના અનેક સભ્યો અને સંબંધીઓ સવાર હતા. પરંતુ રસ્તામાં અચાનક એક ટ્રક સાથે તેમની ટ્રેક્ટર-ટ્રોલીની ટક્કર થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રેક્ટરનું સંતુલન બગડ્યું હતું અને તે રસ્તા પર પલટી ગઈ હતી.

એક તરફ પરિવારના સભ્યો ખુશીનો પ્રસંગ પૂર્ણ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા, તો બીજી તરફ આ અકસ્માતે પરિવારને મોટો આઘાત આપ્યો છે. અકસ્મતમાં ઘાયલ થયેલા લોકોની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડોક્ટરોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માતમાં જીવ ગુમાવનાર મહિલાઓના પરિવારજનોમાં શોકનો માહોલ છે.અકસ્મતની જાણ થતાં જ પોલીસ અને વહીવટી તંત્રની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે સ્થાનિક લોકોની મદદથી ટ્રોલીમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. ઘાયલોને એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. હાલ આ અકસ્માતમાં પાંચ મહિલાઓનાં મોત અને ૧૭ લોકો ઘાયલ થયાની માહિતી સામે આવી છે. ઘાયલોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ દુર્ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છે.

પેરાગ્વેમાં રાતો-રાત સત્તાપલટો! રાષ્ટ્રપતિ પેનાને પદ પરથી હટાવી નજર કેદ કરાયા

પેરાગ્વે,

સત્તાની ટોચ પર બેઠેલા શાસકો જ્યારે નાણાકીય સંસ્થાઓ સાથે મિલીભગત કરીને પ્રજાના પૈસા જોખમમાં મૂકે છે, ત્યારે તેનું પરિણામ કેટલું ગંભીર હોઈ શકે તેનો દાખલો પેરાગ્વેમાં સામે આવ્યો છે. પેરાગ્વેના રાષ્ટ્રપતિ સેન્ટિયાગો પેનાને ઉએનો બૅન્કના પતન અને નાણાકીય ગેરરીતિઓ સાથે જોડાયેલા કૌભાંડમાં સેનેટ દ્વારા સર્વાનુમતે મહાભિયોગ ચલાવીને સત્તા પરથી હટાવી દેવામાં આવ્યા છે. સત્તા છીનવાયાના ગણતરીના કલાકોમાં જ પ્રોસિક્યુટર્સે તેમની સામે ધરપકડનું વોરંટ પણ બહાર પાડી દીધું છે, જેના કારણે સમગ્ર દક્ષિણ અમેરિકાના રાજકારણમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પેરાગ્વેમાં 'ઉએનો બૅન્ક' (નામની એક ખાનગી ડિજિટલ બૅન્ક અચાનક ડૂબી ગઈ, જેના કારણે આશરે ૩૦ લાખ સામાન્ય લોકોના પૈસા અને ખાતાઓ બ્લોક થઈ ગયા. તપાસમાં બહાર આવ્યું કે તત્કાલીન રાષ્ટ્રપતિ સેન્ટિયાગો પેના પહેલાં આ જ બૅન્કમાં શેરહોલ્ડર હતા અને તેમણે પોતાના પદનો દુરુપયોગ કરીને બૅન્કના જ એક પૂર્વ અધિકારીને બૅન્કિંગ રેગ્યુલેટ)ના વડા બનાવી દીધા હતા.













વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માટે સિંગાપોર અને દક્ષિણ કોરિયામાં ગુજરાતનો સફળ રોડ-શો, કરોડોના રોકાણ અને ભાગીદારીની શક્યતાઓ

સિંગાપોર-દક્ષિણ કોરિયાની અનેક કંપનીએ ગુજરાતમાં રોકાણ માટે રસ બતાવ્યો



ગાંધીનગર,

૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન ગાંધીનગર ખાતે યોજાનાર ૧૧મા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (ફય્જી) ૨૦૨૭ના ભાગરુપેના ગુજરાત સરકારના માનનીય વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાના નેતૃત્વ હેઠળના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળે ૧૯ થી ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સિંગાપોર અને દક્ષિણ કોરિયાની મુલાકાત લીધી હતી. આ પ્રવાસનો મુખ્ય હેતુ ગુજરાતને વૈશ્વિક રોકાણ માટેના શ્રેષ્ઠ સ્થળ તરીકે રજૂ કરવાની સાથે, વ્યાપારી ભાગીદારી મજબૂત કરવાનો અને વૈશ્વિક કંપનીઓને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭માં આમંત્રણ આપવાનો હતો.

સિંગાપોર અને દક્ષિણ કોરિયાના પ્રતિનિધિમંડળમાં સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સચિવ તથા ડેલિગેશન નોડલ ઓફિસર શ્રીમતી પી. ભારતી (ૈંછજી), પ્લાનિંગ વિભાગના સચિવ શ્રીમતી આદ્રા અગ્રવાલ (ૈંછજી), ઢજ્જીના જોઈન્ટ ડાયરેક્ટર (ૈં) શ્રી વસીમ મન્સુરી, ૈંહ્લ્ સિટીના છફૅ (બિઝનેસ ઓપરેશન્સ) શ્રી નિસર્ગ આચાર્ય ઉપરાંત ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન, હ્લૈંઝઝૈં અને દ્વસ્ય ના પ્રતિનિધિઓ આ ડેલીગેશનમાં જોડાયા હતા.

ગુજરાતના પ્રતિનિધિ મંડળની આ બિઝનેસ મીટિંગ્સમાં સેમિકન્ડક્ટર્સ, વોટર અને વેસ્ટવોટર મેનેજમેન્ટ, ડિજિટલ ટેકનોલોજી, હેલ્થકેર, એગ્રીકલ્ચર અને ફૂડ પ્રોસેસિંગ, ગ્રીન હાઈડ્રોજન, ઈન્ટિરિયર અને ફર્નિચર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેરિટાઈમ સેવાઓ અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રો પર ફોક્સ કરવામાં આવ્યું હતું. ઘણી કંપનીઓએ ગુજરાતમાં રોકાણ, ટેકનોલોજી ભાગીદારી, વ્યાપાર વિસ્તાર અને પાયલટ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં રસ બતાવ્યો છે.

વ્યારા સુગરના ૮૫૦થી વધુ ખેડૂતોના બાકી લેણાંના રૂ. ૭.૧૪ કરોડ ચૂકવવાનો નિર્ણય

નાણા સીધા ખેડૂતોના બેંક ખાતામાં જમા થશેઃ પ્રવક્તા મંત્રી

ગાંધીનગર,

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે, શ્રી ઉકાઈ પ્રદેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિમિટેડ (વ્યારા સુગર)ના ખેડૂતોની આર્થિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે લોકહિતકારી કદમ ઉઠાવ્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વ્યારા સુગર દ્વારા શેરડીના નાણાં સમયસર ચૂકવી ન શકાતા ખેડૂત ભાઈઓ મુશ્કેલીમાં મુકાયા હતા. ખેડૂતોના આ પ્રશ્નની ગંભીરતા સમજીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શનમાં સરકારે તાત્કાલિક ધોરણે ખેડૂતોની વ્હારે આવવાનો નિર્ણય કર્યો છે, જેથી દિવાળી જેવા પવિત્ર તહેવાર પર કોઈ પણ ખેડૂત પરિવાર ચિંતામાં ન રહે.

રાજ્ય સરકારે ખેડૂતો માટે જરૂરી વ્યવસ્થાઓ ગોઠવીને આશરે ૮૫૦થી વધુ ખેડૂતોને રૂપિયા ૭.૧૪ કરોડ જેટલી માતબર રકમ શેરડીના બાકી નાણાં પેટે સીધી ચૂકવી દેવાનો નિર્ણય કર્યો છે. આ નાણા દિવાળી પૂર્વે જ સીધા ખેડૂતોના બેંક ખાતામાં ચૂકવી દેવામાં આવશે. આદિવાસી વિસ્તારના ખેડૂતોના આ પ્રશ્નના નિરાકરણ માટે મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી શ્રી જયરામભાઈ ગામીત, પૂર્વ મંત્રી શ્રી ગણપતભાઈ વસાવા સહિતના આદિવાસી નેતાઓના વિશેષ પ્રયત્નોને સફળતા મળી છે.પ્રવક્તા મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારનું મુખ્ય ધ્યેય હંમેશાં 'ખેડૂત સશક્તિકરણ' અને ખેડૂતોના ચહેરા પર સ્મિત લાવવાનું રહ્યું છે. શેરડીના આ બાકી નાણાં સમયસર મળી જવાથી ખેડૂત મિત્રો પોતાના પરિવાર સાથે ખૂબ જ ઉત્સાહ અને આનંદથી દિવાળીની ઉજવણી કરી શકશે. મંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર હંમેશાં અન્નદાતા ખેડૂતોની પડખે મક્કમતાથી ઊભી છે અને ખેડૂતોના પરિશ્રમનું યોગ્ય મૂલ્ય ચૂકવવા માટે પૂર્ણપણે કટિબદ્ધ છે.

થાનગઢમાંથી સરકારી ખરાબામાં ગેરકાયદેસર કોલસા ચોરી ઝડપાઈ

સુરેન્દ્રનગર,

જીલ્લાના થાનગઢ પંથકમાં ગેરકાયદેસર રીતે કોલસાનું ખનન અને ચોરી થતી હોવાની બાતમીના આધારે રાજકોટ રેન્જ પોલીસની ટીમ તાત્કાલિક એકશનમાં આવી અને ત્યાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન સરકારી ખરાબાની જમીનમાંથી કરોડો રૂપિયાની ખનીજ ચોરીનો પર્દાફાશ થયો છે અને લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલે મળતી માહિતી મુજબ, રાજકોટ રેન્જની પોલીસે થાનગઢ પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત આવતા જામવાળી ગામની સીમમાં આવેલા સરકારી ખરાબાના વિસ્તારમાં અચાનક સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સ્થળ પર દ્રશ્યો જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. સરકારી ખરાબાની જમીન પર ગેરકાયદેસર રીતે કોલસા કાઢવા માટે બનાવેલા અંદાજે ૧૮ જેટલા ખાડા (ખનન માટેના પિટ્સ) મળી આવ્યા હતા.

પોલીસ વિભાગની આ રેડ દરમિયાન પોલીસને સ્થળ પરથી મોટા પ્રમાણમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ મળી આવી હતી. તપાસમાં સ્થળ પરથી ૩૮૦ ટન કોલસો, ૧ ડમ્પર, ૧ ટ્રેક્ટર, ૧ કંપ્રેશન મશીન, ૬ મોટરસાયકલ અને ૧૮ ચરખીઓ સહિતનો કુલ અંદાજે રૂપિયા ૭૮ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આટલી મોટી માત્રામાં કોલસો અને મશીનરી મળી આવવાથી ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ગુજરાત એનર્જી અને ADNOC વચ્ચે ૪ મિલિયન ટન LNG મેળવવા માટે કરાર

અમદાવાદ,

ગુજરાત એનર્જી લિમિટેડ (GEL) - જે અગાઉ ગુજરાત ગેસ લિમિટેડ તરીકે ઓળખાતી હતી - તેણે અબુ ધાબી નેશનલ ઓઈલ કંપની (ADNOC) સાથે ૪ મિલિયન ટન સુધીના લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG)ની ખરીદી માટે ૧૦ વર્ષનો કરાર કર્યો છે. આ પુરવઠો ૨૦૨૮થી શરૂ થવાની અપેક્ષા છે. આ પગલા દ્વારા કંપની તેના લાંબા ગાળાના ગેસ પ્રાપ્તિ પોર્ટફોલિયોને મજબૂત કરવા માંગે છે. આ કરાર ADNOCના આંતરરાષ્ટ્રીય પોર્ટફોલિયોમાંથી ગેસની પ્રથમ ખરીદી દર્શાવે છે, અને ભારતમાં ADNOCનો આ પાંચમો LNG પુરવઠા કરાર છે.

ગુજરાત એનર્જી નેચરલ ગેસ વેલ્યુ ચેઈનના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે, જેમાં ગેસ ટ્રેડિંગ, સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન, અન્વેષણ અને ઉત્પાદન, વીજ ઉત્પાદન અને ન્દ્રય આયાત માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે. તેનું સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક છ રાજ્યોના ૪૪ જિલ્લાઓમાં ફેલાયેલું છે. ADNOC માટે, આ કરાર ભારતમાં તેના LNG માર્કેટિંગની હાજરીને વિસ્તૃત કરે છે અને એશિયન બજારોમાં ગેસ પુરવઠો પૂરો પાડવામાં તેના આંતરરાષ્ટ્રીય પોર્ટફોલિયોની ભૂમિકાને મજબૂત બનાવે છે. આ કરાર હેઠળ, ગુજરાત એનર્જી, ADNOCની આંતરરાષ્ટ્રીય રોકાણ કંપની 'XRG'ના આંતરરાષ્ટ્રીય ગેસ પોર્ટફોલિયોમાંથી ન્દ્રય મેળવશે. શુક્રવારે એક નિવેદનમાં કંપનીએ જણાવ્યું હતું કે, આ કરાર XRGના આંતરરાષ્ટ્રીય પોર્ટફોલિયોમાંથી ન્દ્રય્ની પ્રથમ ખરીદી છે અને ભારતમાં ADNOCનો પાંચમો ન્દ્રય પુરવઠા કરાર છે. GEL દ્વારા સ્ટોક એક્સચેન્જમાં કરવામાં આવેલી જાહેરાત મુજબ, આ કરારમાં ૧૦ વર્ષના સમયગાળામાં ૪ મિલિયન ટન સુધીના પુરવઠાની જોગવાઈ છે, અને તેની કિંમત 'હેનરી હબ' (Henry Hub) ઈન્ડેક્સ સાથે જોડાયેલી રહેશે. આ કરારનો અર્થ એ છે કે વાર્ષિક સરેરાશ ૪,૦૦,૦૦૦ ટન સુધીનો પુરવઠો મળી શકે છે, જોકે વાસ્તવિક ખરીદી કરારની શરતો અને વ્યવસ્થાઓ પર આધારિત રહેશે.

આ સોદો ADNOCના વૈશ્વિક ન્દ્રય માર્કેટિંગ અને ટ્રેડિંગ પ્લેટફોર્મ દ્વારા અમલમાં મૂકવામાં આવશે. આ પ્લેટફોર્મ જુલાઈ ૨૦૨૬માં 'અબુ ધાબી ગ્લોબલ માર્કેટ'માં શરૂ કરવામાં આવ્યું હતું અને તેનો લક્ષ્યાંક ૨૦૩૦ પછી વાર્ષિક ૪૭ મિલિયન ટન LNGનું વેચાણ કરવાનો છે. ADNOCના ચીફ માર્કેટિંગ એન્ડ ઓરિજિનેશન ઓફિસર (LNG), રાશિદ અલ મઝરુઈ (Rashid Al Mazrouei)એ જણાવ્યું હતું કે, "ગુજરાત એનર્જી સાથેનો આ કરાર ભારત સાથે ADNOCની લાંબા સમયથી ચાલી આવતી ઊર્જા ભાગીદારીને વધુ મજબૂત બનાવે છે. આ XRGના આંતરરાષ્ટ્રીય પોર્ટફોલિયોમાંથી ગેસનું પ્રથમ વેચાણ છે, જે વિશ્વસનીય અને લાંબા ગાળાના LNG પુરવઠાને પહોંચાડવાની અમારી પ્રતિબદ્ધતાને વધુ દ્રઢ કરે છે.

વાહનવ્યવહાર વિભાગમાં ૩૫૦ કરતાં વધુ કર્મચારીઓની એકસાથે બદલીના આદેશ

ગાંધીનગર,

વાહનવ્યવહાર વિભાગમાં મોટા પાયે વહીવટી ફેરફારના સમાચાર સામે આવ્યા છે. વિભાગ દ્વારા ૩૫૦ કરતાં વધુ કર્મચારીઓની એકસાથે બદલી કરવાના આદેશ કરવામાં આવ્યા છે.

વાહનવ્યવહાર વિભાગની કામગીરીમાં વિવિધ કચેરીઓ અને કર્મચારીઓની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે. આવી સ્થિતિમાં મોટી સંખ્યામાં કર્મચારીઓની સામૂહિક બદલી થતાં સંબંધિત કચેરીઓની કામગીરી અને કર્મચારીઓની નવી જવાબદારીઓ અંગે પણ ચર્ચા થઈ રહી છે.

હાલમાં ઉપલબ્ધ માહિતી મુજબ, ૩૫૦થી વધુ કર્મચારીઓની બદલીના ઓર્ડર કરવામાં આવ્યા છે. જોકે, બદલી પામેલા કર્મચારીઓના નામ, હોદ્દા, અગાઉના કાર્યસ્થળ અને નવા નિમણૂકના સ્થળોની યાદી સામે આવી નથી.

ટ્રાન્સપોર્ટ વિભાગમાં મોટો નિર્ણય

આ ઉપરાંત બદલી તાત્કાલિક અમલમાં આવશે કે કર્મચારીઓને નવી જગ્યાએ હાજર થવા માટે સમય આપવામાં આવશે તે અંગે પણ સ્પષ્ટતા ઉપલબ્ધ નથી. આ સામૂહિક બદલી પાછળ વહીવટી કારણો છે કે વિભાગની કામગીરીમાં સુધારો લાવવાનો હેતુ છે, તે અંગે સત્તાવાર વિગતોની રાહ જોવાઈ રહી છે. વિભાગ તરફથી સંપૂર્ણ યાદી અથવા સત્તાવાર પરિપત્ર જાહેર થયા બાદ જ આ નિર્ણયની વધુ વિગતો સ્પષ્ટ થશે.

દિવાળીના દિવસે અમદાવાદ મેટ્રો સેવા સવારે ૬:૨૦થી સાંજે ૭ વાગ્યા સુધી જ ચાલુ રહેશે

સાવચેતીના ભાગરૂપે મેટ્રોના સંચાલનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો



અમદાવાદ,

અમદાવાદ મેટ્રો દિવાળી ૨૦૨૬ને લઈને મુસાફરો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. દિવાળીના દિવસે એટલે કે ૮ નવેમ્બર ૨૦૨૬ના રોજ અમદાવાદમાં મેટ્રો ટ્રેનની સેવા સામાન્ય દિવસોની સરખામણીમાં ટૂંકા સમય માટે ચાલુ રહેશે. ફટાકડા ફોડવાના કારણે કોઈ આકસ્મિક ઘટના ન બને અને મુસાફરોની સુરક્ષા જળવાઈ રહે તે માટે સાવચેતીના ભાગરૂપે મેટ્રોના સંચાલનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ૮ નવેમ્બર એટલે દિવાળીના દિવસે અમદાવાદમાં મેટ્રો ટ્રેન સવારે ૬:૨૦ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી કાર્યરત રહેશે. એટલે કે સામાન્ય દિવસોની સરખામણીમાં મુસાફરોને રાત્રિના સમયે મેટ્રો સેવાનો લાભ નહીં મળે.

અમદાવાદ મેટ્રો દિવાળી ૨૦૨૬ ૨૦૨૬)અંતર્ગત કરવામાં આવેલા આ સમય ફેરફાર પાછળ મુખ્ય કારણ દિવાળીની રાત્રે મોટા પ્રમાણમાં ફટાકડા ફોડવામાં આવે છે તે છે. ફટાકડાના કારણે મેટ્રો રેલવે લાઈન અને આસપાસના વિસ્તારોમાં કોઈ અનિચ્છનીય અથવા આકસ્મિક ઘટના ન બને તે માટે આ સાવચેતી રાખવામાં આવી છે. મુસાફરોને પણ સલાહ આપવામાં આવે છે કે દિવાળીના દિવસે મેટ્રોમાં મુસાફરી કરવાની હોય તો સાંજે ૭ વાગ્યા પહેલાં પોતાની મુસાફરીનું આયોજન કરી લે.

પાટણમાં કાળી ચૌદસની અનોખી પરંપરાઃ કાલિકા પુરાણના ૧૦૦૮ નામ સાથે સામૂહિક અર્ચના થશે

પૂજા પૂર્ણ થયા બાદ રાત્રે ૧૧:૩૦ વાગ્યા સુધી માતાજીના વિશેષ શૃંગારનાં દર્શન કરી શકાશે

પાટણ,

પાટણના ઐતિહાસિક નગરદેવી કાલિકા માતાજીના મંદિરમાં કાળી ચૌદસના પવિત્ર પર્વ નિમિત્તે ૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ભવ્ય સામૂહિક કાલી-પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. લોકકલ્યાણના હેતુથી યોજાનારી આ વિશેષ પૂજાવિધિ રાત્રે ૮થી ૧૧ વાગ્યા સુધી ચાલશે. દર વર્ષની પરંપરા મુજબ યોજાનારી આ પૂજામાં ભક્તો વહેલા તે પહેલાના ધોરણે જોડાઈ શકશે. પૂજા પૂર્ણ થયા બાદ રાત્રે ૧૧:૩૦ વાગ્યા સુધી માતાજીના વિશેષ શૃંગારનાં દર્શન કરી શકાશે. સામૂહિક પૂજામાં ભાગ લેનારા ભક્તોએ પોતાના ઘર કે મંદિરમાં પૂજાતા આદિશક્તિના કોઈપણ સ્વરૂપની મૂર્તિ અથવા ફોટો સાથે લાવવાનો રહેશે. આ ઉપરાંત કાલિકા પુરાણમાં દર્શાવેલા 'ક' અક્ષરથી શરૂ થતા માતાજીનાં ૧૦૦૮ નામોના નામોચ્ચાર સાથે અર્ચના કરવા માટે પૂરતા પ્રમાણમાં ચોખા, ફળ અથવા બીલીપત્ર પણ સાથે લાવવાનાં રહેશે. મૂર્તિ કે ફોટાની સ્થાપના માટે મંદિર પરિવાર તરફથી બાજોઠ તેમજ સામૂહિક આરતી સહિતની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પૂજામાં જોડાવા માટે કોઈ પૂર્વ રજિસ્ટ્રેશનની વ્યવસ્થા રાખવામાં આવી નથી. મંદિરમાં ઉપલબ્ધ જગ્યાને ધ્યાનમાં રાખીને ભક્તોને વહેલા તે પહેલાના ધોરણે સ્થાન આપવામાં આવશે.

ભાઈબીજના દિવસે શહેરની તમામ બહેનો AMTSની બસોમાં નિઃશુલ્ક મુસાફરી કરી શકશે

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS) દ્વારા દિવાળીના તહેવારો બાદ આવતા ભાઈબીજના પર્વ નિમિત્તે મહિલાઓ અને બહેનોને ખાસ ભેટ આપવામાં આવી છે. ભાઈબીજના દિવસે શહેરની તમામ બહેનો છસ્જીની બસોમાં નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. એટલે કે, ભાઈબીજના દિવસે બહેનોએ બસમાં મુસાફરી કરવા માટે ટિકિટ ખરીદવાની જરૂર રહેશે નહીં અને તેઓ આખો દિવસ મફતમાં મુસાફરીનો લાભ મેળવી શકશે.

દિવાળીના તહેવાર બાદ ભાઈબીજનું પર્વ ભાઈ-બહેનના પ્રેમ અને સ્નેહનું પ્રતીક માનવામાં આવે છે. આ દિવસે બહેનો પોતાના ભાઈના ઘરે જઈને તિલક કરે છે, ભાઈના લાંબા આયુષ્યની કામના

અમદાવાદની બહેનોને AMTSની મોટી ભેટ

કરે છે અને પરિવાર સાથે તહેવારની ઉજવણી કરે છે. આ દરમિયાન શહેરમાં એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે જાહેર પરિવહનનો ઉપયોગ કરતા લોકોની સંખ્યામાં વધારો થતો હોય છે. ખાસ કરીને AMTS બસોમાં મુસાફરોની ભીડ જોવા મળે છે. ત્યારે બહેનોને આર્થિક રાહત મળે અને તેઓ સરળતાથી પોતાના ભાઈના ઘરે પહોંચી શકે તે હેતુથી AMTS પ્રશાસન દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

AMTS દ્વારા અગાઉ રક્ષાબંધનના પર્વ પર પણ બહેનો માટે બસ મુસાફરી નિઃશુલ્ક રાખવામાં આવી હતી. આ નિર્ણયને બહેનો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. હવે એ જ રીતે ભાઈબીજના પર્વ પર પણ મહિલાઓને મફત મુસાફરીની સુવિધા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી નોકરી કરતી મહિલાઓ, ગૃહિણીઓ, યુવતીઓ તેમજ પરિવાર સાથે ભાઈના ઘરે જતી બહેનોને સીધો લાભ મળશે.

ભાઈબીજના દિવસે સવારે બસ સેવા શરૂ થવાથી લઈને સાંજ સુધી બહેનો આ સુવિધાનો લાભ લઈ શકશે. આ સમયગાળા દરમિયાન મહિલાઓ પાસેથી બસનું ભાડું લેવામાં આવશે નહીં. પરિણામે બહેનોને મુસાફરીના ખર્ચમાં રાહત મળશે અને તેઓ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં સરળતાથી અવરજવર કરી શકશે.

દિવાળીનો તહેવાર સ્વચ્છ, સ્વસ્થ, સલામત અને પર્યાવરણ મૈત્રીપૂર્ણ રીતે ઉજવવા માટે જીપીસીબીની જાહેર જનતાને અપીલ

ગાંધીનગર,

પર્યાવરણમાં, હવા અને ધ્વનિ પ્રદૂષણમાં ઘટાડો કરવા તેમજ આરોગ્યનું રક્ષણ કરવાના હેતુથી WWF EIACP Programme Centre–Resource Partner દ્વારા પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય (MoEF&CC), ભારત સરકારના સહયોગથી સમગ્ર દેશમાં "ગ્રીન દિવાળી અભિયાન-૨૦૨૬" યોજવામાં આવી રહ્યું છે.આ અભિયાનનો સંદેશ "ફટાકડાને ના કહો, સ્વચ્છ હવાને હા કહો" છે. દિવાળીનો તહેવાર સ્વચ્છ, સ્વસ્થ, સલામત અને પર્યાવરણ મૈત્રીપૂર્ણ રીતે ઉજવવા માટે જાહેર જનતાને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ-ય્ઝમ દ્વારા આ મુજબના પગલાં લેવા અપીલ કરવામાં આવી છે.

?માટીના દીવા અને પર્યાવરણમૈત્રી મીણબત્તીઓનો ઉપયોગ કરો તથા ઊર્જાની બચત કરો.

?હવા અને ધ્વનિ પ્રદૂષણ ઘટાડવા તથા લોકો અને પ્રાણીઓનું રક્ષણ કરવા ફટાકડાને ના કહો અને ફટાકડા ફોડવાનું ટાળો.

?ચોખાનો લોટ, ફૂલોની પાંખડીઓ અને હળદર જેવી કુદરતી સામગ્રીથી રંગોળી બનાવો.

?સ્થાનિક રીતે બનાવેલી પર્યાવરણમૈત્રી ભેટો પસંદ કરો અને ઓછામાં ઓછું પેકેજિંગ ધરાવતી વસ્તુઓનો ઉપયોગ કરો.

?જરૂરિયાતમંદ લોકોને જૂના કપડાં અને વણવપરાયેલી, ઉપયોગી ઘરગથ્થું વસ્તુઓનું દાન કરો, પુનઃઉપયોગને પ્રોત્સાહન આપો અને કચરો ઓછો કરો.

?એક વખત ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો, વસ્તુઓનો પુનઃઉપયોગ કરો અને કચરાનું યોગ્ય રીતે વર્ગીકરણ કરો.

?શક્ય હોય ત્યાં સુધી ચાલીને, સાયકલ દ્વારા અથવા જાહેર પરિવહનથી મુસાફરી કરો. હવાની ગુણવત્તા જાણવા SAMEER એપ્લિકેશન/પોર્ટલ ઉપર છઊં જોઈ શકાય છે.ફટાકડા મુક્ત ગ્રીન દિવાળી ઉજવવા, ફટાકડા ન ફોડવા તથા અન્ય લોકોને પણ તે માટે પ્રેરિત કરવા, દીવાઓ પ્રગટાવવા, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા, કચરાનું યોગ્ય વર્ગીકરણ કરવા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રાધાન્ય આપવા અપીલ કરવામાં આવે છે. સ્વચ્છ હવા, સ્વસ્થ જીવન અને પ્રદૂષણમુક્ત પર્યાવરણ જાળવવામાં સહયોગ આપવા વિનંતી છે.

નાગરિકો પોતે હાથ ધરેલી પર્યાવરણમૈત્રી પ્રવૃત્તિઓની વિગતો તથા સ્થળ-ટૅગ કરેલા (ર્યે-ંઠ્ઠખ્તખ્તીઠ્ઠ) ફોટોગ્રાફ્સ અભિયાન માટે નિર્ધારિત માધ્યમ પર મોકલી શકે છે. પસંદગી પામેલી પ્રવૃત્તિઓ ઈંછઝૅ પ્લેટફોર્મ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

પોસ્ટરમાં દર્શાવેલ ઊઈ કોડ સ્કેન કરીને પોતાના કાર્બન ફૂટપ્રિન્ટનું મૂલ્યાંકન પણ કરી શકાય છે.

સીધી ભરતીથી નિમણૂક પામેલા ૧૧૩ નાયબ સેક્શન અધિકારીને નાયબ મુખ્યમંત્રીના હસ્તે નિમણૂક પત્ર એનાયત

વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૩ સુધીમાં વર્ગ-૧, ૨ અને ૩ની અંદાજિત ૨.૧૦ લાખથી વધુ જગ્યાઓ પર સીધી ભરતીનું આયોજન



ગાંધીનગર,

ગુજરાત સરકાર દ્વારા યુવાનોને રોજગારી પૂરી પાડવા અને પારદર્શક વહીવટ સુનિશ્ચિત કરવાના હેતુથી ધનતેરસના પવિત્ર દિવસે રાજ્ય સરકારના સચિવાલય પરિવારમાં સીધી ભરતીથી નિમણૂક પામેલા ૧૧૩ નાયબ સેક્શન અધિકારીને નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે નિમણૂક પત્ર એનાયત કરાયા હતા. આ સાથે ૬૪ સેક્શન અધિકારીઓને પણ બઢતી આપવામાં આવી છે.

આ વિશેષ કાર્યક્રમમાં નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ના ૮૭ ઉમેદવારોની સાથે-સાથે, દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ દ્વારા પસંદગી પામેલા ૨૬ દિવ્યાંગ ઉમેદવારોને પણ નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.નવી સેવામાં જોડાયેલા યુવાનોને પ્રેરણા આપતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સરકારી નોકરીમાં પસંદગીનો આધાર માત્ર પ્રતિભા, યોગ્યતા અને મહેનત છે. કોઈપણ ભલામણ કે લાગવગ વગર માત્ર યોગ્યતા અને પારદર્શક પ્રક્રિયા દ્વારા જ આ પસંદગી કરવામાં આવે છે. ધનતેરસના પવિત્ર અવસરે ગુજરાત સરકારના સચિવાલય પરિવારમાં વધુ ૧૧૩ નવા પરિવારના સાથીઓ જોડાઈને જીવનની એક નવી યાત્રાનો પ્રારંભ કર્યો છે. રાજ્ય સરકારના આ પરિવારને વધુ મજબૂત બનાવવા માટે તમામ નવા સભ્યો પૂરી નિષ્ઠાથી પ્રયત્ન કરશે તેવો વિશ્વાસ નાયબ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, યુવાનોની કારકિર્દીને વધુ ઉજ્જવળ બનાવવા માટે વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૩ સુધીમાં વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની અંદાજિત ૨.૧૦ લાખ જગ્યાઓ પર સીધી ભરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

ભાવનગર રોડ પર પીટીસી ગ્રાઉન્ડમાં કચરામાં ભીષણ આગ ભભૂકી

આગની ઘટનાથી અફરાતફરી, ફાયર બ્રિગેડની ત્રણ ટીમો દોડી ગઈ

રાજકોટઃ ભાવનગર રોડ પર આવેલા પીટીસી ગ્રાઉન્ડમાં આજે અચાનક કચરાના વિશાળ ઢગલામાં ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના કાળા ગોટેગોટા દૂર-દૂર સુધી આકાશમાં જોવા મળ્યા હતા, જેને પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. જો કે, ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ત્રણ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર પૂર્ણ કાબુ મેળવ્યો હતો.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, પીટીસી ગ્રાઉન્ડના એક ખૂણામાં એકઠા થયેલા કચરા અને સૂકા ઘાસચારામાંથી અચાનક ધુમાડો નીકળવાનો શરૂ થયો હતો. બપોરના સમયે પવનની ગતિ વધુ હોવાના કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. કચરામાં પ્લાસ્ટિક અને અન્ય જ્વલનશીલ પદાર્થો હોવાને કારણે આગ ઝડપથી આખા ગ્રાઉન્ડના એક મોટા હિસ્સામાં ફેલાઈ ગઈ હતી. આગની જ્વાળાઓ ઊંચે સુધી ઉઠતી જોઈને આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગની ગંભીરતાને જોતા સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા સમજીને ફાયર બ્રિગેડની ત્રણ અલગ-અલગ ટીમો ફાયર ફાઈટરો અને વોટર બ્રાઉઝર સાથે મિનિટોમાં જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોના સતત અને અથાગ પ્રયાસોને કારણે આખરે આગ પર પૂર્ણ કાબુ મેળવવામાં સફળતા મળી હતી. સદનસીબે આ ભયાનક આગની ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા પહોંચી ન હતી.

પનીરમાં બેફામ મિલાવટ,ચાર નમુના ફેઈલ : ૨૬૯ કિલો ફરસાણ - ચોકલેટનો નાશ

ફોર્ચ્યુન મિલ્ક, ગાયત્રી ડેરી, પ્રકાશ હરસોડા, ભગવતી ટ્રેડીંગના પનીરમાં ફેટ ઓછા - મોઈસ્ચર વધુ નીકળ્યા

રાજકોટઃમ્યુનિ. કોર્પોરેશનની ફૂડ શાખા દ્વારા લેવામાં આવેલા ચાર ફૂડ સેમ્પલ ફેઈલ જતા કાયદેસર કાર્યવાહીની તજવીજ શરૂ કરવામાં આવી છે. લાતી પ્લોટ-૪માં પુનિત ઘરઘંટી બાજુમાં આવેલ ફોર્ચ્યુન મીલ્ક એન્ડ ફૂડ પ્રોડકટમાંથી લેવાયેલા પનીરના સેમ્પલના પૃથ્થકરણ રીપોર્ટમાં ટેસ્ટ ફોર ફોરેન ફેટની માત્રા વધુ હોવાથી નમુનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે. પુનિતનગર મેઈન રોડ પટેલ જવેલર્સ બાજુમાં આવેલ શ્રી ગાયત્રી ડેરીમાંથી લેવાયેલા પનીરમાંથી મિલ્ક ફેટનું પ્રમાણ ધારાધોરણ કરતા ઓછું આવતા નમુનો ફેઈલ થયો છે.

મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસે પ્રકાશભાઈ પ્રવિણભાઈ હરસોડાને ત્યાંથી લેવાયેલા પનીરમાંથી પણ મિલ્ક ફેટનું પ્રમાણ ઓછું અને મોઈસ્ચરનું પ્રમાણ વધુ આવ્યું છે. તો વિજય પ્લોટ-૧૧માં ભગવતી ટ્રેડીંગમાંથી લેવાયેલા પનીરમાંથી પણ ફોરેન ફેટ વધુ અને મોઈસ્ચર વધુ, મિલ્ક ફેટ ઓછા હોવાથી આ ચારે સેમ્પલ નાપાસ થયા છે. જે અંગે એજયુડીકેશન કાર્યવાહી કરાશે.

માલનો નાશઃદિવાળીના તહેવારને ધ્યાને લઈને આરોગ્ય અને ફૂડ શાખા દ્વારા ચાલતી સઘન ડ્રાઈવમાં ૬૨ પેઢીમાં તપાસ કરાતા ૨૬૯ કિલો અખાદ્ય માલનો



નાશ કરાયો છે. બે પેઢીને નોટીસ, રૂા. ૧૧ હજારના દંડ, પાંચ નમુના લઈને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

મોરબી રોડ પુલની નીચે સિતારામનગરમાં આવેલા ચામુંડા ફરસાણમાંથી પડતર વાસી ૧૮૦ કિલો તીખી પાપડી, ૩૦ કિલો તીખી સેવ, ૨૦ કિલો ગુંદી, ૨૧ કિલો ફરસાણમાં વપરાતો વોશિંગ સોડા મળી ૨૫૧ કિલો માલ સોલીડ વેસ્ટ વિભાગના ટીપર વાનમાં ફેંકી દેવામાં આવ્યો હતો. બિન આરોગ્યપ્રદ હાલત બદલ નોટીસ રૂા. પાંચ હજારના દંડ અને સેવ, તીખી પાપડી, ગાંઠીયા, ચેવડાના નમુના લેવાયા હતા. સત્યસાંઇ રોડ પર શ્રી બિલ્ડીંગમાં ધ હેમ્પર સ્ટોરમાંથી ચોકલેટ મોલ્ડ એકસપાયરમાંથી બનાવેલ ૧૮ કિલો ચોકલેટના જથ્થાનો નાશ કરી રૂા. બે હજારનો દંડ લેવાયો હતો.

નમુના લેવાયાઃમવડી મેઈન રોડ, નવલનગર-૨માં અવધ ડેરીમાંથી મિકસ દુધના નમુના લઈ નોટીસ અપાઈ છે. ઉપરાંત ગીરીરાજ હોસ્પિટલ પાસે શિવમ મેડીસીન, પ્રતિક મેડીસીન, ગણેશ ડેરી, સુમીત પ્રોવિઝન સ્ટોર, ચિત્રા પ્રોવિઝન, સતનામ જનરલ સ્ટોર, જીવરાજ પાર્કમાં મોદી સ્કુલવાળા રોડે કિષ્ના ટ્રેડીંગને નોટીસ અને દંડની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ઉપરાંત જગન્નાથ ચોક, માયાણીનગરથી રાજનગર ચોક, અંબિકા ટાઉનશીપ રોડ, નાના મવા સર્કલથી અજમેરા નગર સહિતના રસ્તા પર મળી કુલ ૬૨ પેઢીઓમાં તપાસ કરવામાં આવી હોવાનું ફૂડ વિભાગે જણાવ્યું હતું.

ઓનલાઈન ક્રિકેટ સટ્ટો અને જુગાર રમતો દિક્ષીત ગૌસ્વામી ઝડપાયો

રાજકોટઃ શાંતીનગર ગેઈટ સામે ઓનલાઈન ક્રિકેટ સટ્ટો અને



ગેમ્સમાં જુગાર રમતો દિક્ષીત ગૌસ્વામીને એલસીબી ઝોન-૨ ની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી. તે શખ્સ ૭૭૭ આલિદ.કોમ વેબસાઈટમાં ઓલ પેનલ આઈડીમાં નસીબ અજમાવતો હતો. હાલ પોલીસે બુકી અંગે તપાસ આદરી છે.

દરોડાની વિગત મુજબ, એલસીબી ઝોન-૨ પીએસઆઈ શક્તિસિંહ ચુડાસમા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે એએસઆઈ જે.વી.ગોહિલ, હેડ કોન્સ્ટેબલ શકિતસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઈ વાઘિયા, સહદેવસિંહ જાડેજા, સત્યજીતસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજાને રૈયાધાર રોડ શાંતીનગર ગેઈટ સામે ગોપાલ હોટલ પાસે દિક્ષીત સુરેશ ગૌસ્વામી નામનો શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં ગેમીંગ આઈ-ડી મારફતે સોદાઓ કરી જુગાર રમે છે.

જે બાતમીના આધારે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ નામ પુછતા પોતાનુ નામ દિક્ષીત સુરેશ ગૌસ્વામી (ઉ.વ.૨૬, રહે. ઘંટેશ્વર એસ.આર.પી. કેમ્પની બાજુમાં સનરાઈઝ પ્રાઈમ ફલેટ નં. સી-૪૦૨ નવો ૧૫૦ ફુટ રીંગ રોડ) હોવાનુ જણાવેલ અને તેની પાસે રહેલ મોબાઈલ ફોનમાં જોતા ૭૭૭ આલિદ. કોમ નામની વેબસાઈટમાં ઓલ પેનલ નામની આઈડી પર ક્રિકેટ મેચ તથા ગેમોમાં જુગાર રમતો હોવાનું સામે આવતાં પોલીસે તે શખ્સની ધરપકડ કરી આ આઈડી કયા બુકી પાસેથી મેળવેલ છે, તે અંગે વિશેષ તપાસ હાથ ધરી હતી.

દિવાળી પર્વ નિમિત્તે શ્રી ખોડલધામ મંદિર ઝળહળી ઉઠ્યું : દિવ્ય રોશનીથી પરિસરમાં અલૌકિક શણગાર

રાજકોટઃકાગવડ, રાજકોટઃ દિવાળી અને નૂતન વર્ષના પાવન પર્વની ઉજવણીના ભાગરૂપે કાગવડ સ્થિત વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી ખોડલધામ મંદિર ખાતે ભવ્ય અને આકર્ષક લાઈટિંગ શણગાર કરવામાં આવ્યો છે. મા ખોડલના દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓ માટે સમગ્ર મંદિર પરિસર દિવ્ય અને નયનરમ્ય રોશનીથી ઝગમગી ઉઠ્યું છે.મંદિરના નિજ મંદિર, વિશાળ શિખર અને પ્રવેશદ્વારને ઝગમગતી મનોહર એલ.ઈ.ડી. (ર્ન્ઈઢ) અને ગોલ્ડન લાઈટોથી સજાવવામાં આવ્યા છે.

રાત્રિના સમયે આકાશમાંથી અને દુરથી મંદિરનો આ નજારો અત્યંત ભવ્ય અને અલૌકિક પ્રતીત થઈ રહ્યો છે. મંદિર પરિસરના મુખ્ય માર્ગો, વોકવે, બગીચાઓ સહિતના વિસ્તાર આકર્ષક મલ્ટી-કલર લાઈટિંગથી રોશન કરવામાં આવ્યા છે.

મંદિર પરિસરમાં બે વિશાળ અને આકર્ષક રંગોળીઓ બનાવવામાં આવશે, જે શ્રદ્ધાળુઓ



માટે કલા અને આસ્થાનો અનોખો અનુભવ બનશે. આ ઉપરાંત તહેવારોના દિવસો દરમિયાન મા ખોડલને દરરોજ વિશિષ્ટ અને અવનવા શણગાર કરવામાં આવશે.

દિવાળી તથા નૂતન વર્ષના તહેવારો દરમિયાન દર્શનાર્થીઓના ઘોડાપૂરને ધ્યાનમાં રાખીને શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા સુચારું દર્શન વ્યવસ્થા, પાર્કિંગ, સુરક્ષા અને પીવાના પાણીની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. દિવાળીના તહેવારો અને વેકેશન દરમિયાન દેશ-વિદેશમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ મા ખોડલના દર્શનાર્થે ઉમટી પડે છે.જેથી શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા દર્શનાર્થીઓની સુવિધા અને સ્વાગત માટે તૈયારીઓ કરી દેવામાં આવી છે. દરરોજ ૩૦૦થી વધુ સ્વયંસેવકો પણ દર્શનાર્થીઓની સુવિધા જાળવવા માટે ખડેપગે રહેશે. આ ઉપરાંત અલગ અલગ ૪ વિશાળ પાર્કિંગની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. આ સાથે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા સર્વે શ્રદ્ધાળુઓને દિવાળી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

દિવાળીમાં ફટાકડા ફોડતી વખતે સાવચેતી રાખોઃ મહાપાલિકાની અપીલ

આગ-અકસ્માતનાં બનાવ સમયે સંપર્ક કરવા ફાયર વિભાગે નંબર જાહેર કર્યા

રાજકોટઃદિવાળીના પવિત્ર તહેવાર નિમિત્તે રાજકોટ શહેરના નાગરિકો દ્વારા ફટાકડા ફોડીને તહેવારની ઉજવણી કરવામાં આવતી હોય છે. આ દરમિયાન આગ લાગવાના બનાવો, દાઝી જવાના બનાવો તથા જાનમાલને નુકસાન થવાની શક્યતાઓ રહેલી હોય છે. જેથી રાજકોટ મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા જાહેર જનતાને તકેદારી રાખવા અપીલ કરવામાં આવેલ છે.

જેમાં ફટાકડા હંમેશા ખુલ્લી અને સલામત જગ્યાએ જ ફોડવા.

ફટાકડા ફોડતી વખતે બાળકોની સાથે વડીલોની હાજરી રાખવી.

ફટાકડા ફોડતી વખતે સુતરાઉ કપડાં પહેરવા તથા ઢીલાં અને સિન્થેટિક કપડાં પહેરવાનું ટાળવું.

ફટાકડા ફોડવા માટે લાંબી અગરબત્તી અથવા સુરક્ષિત સાધનનો ઉપયોગ કરવો.

ફટાકડા ફોડતી વખતે પાણી ભરેલી ડોલ તથા રેતીની વ્યવસ્થા રાખવી.ફટાકડા દુકાનો, પેટ્રોલ પંપ, ગેસ સિલિન્ડર, વાહનો તથા જ્વલનશીલ પદાર્થોની નજીક ફોડવા નહી.

ફટાકડા હાથમાં રાખીને કે શરીરની નજીક રાખીને ફોડવા નહીં.

ફૂટ્યા વગરના ફટાકડાને ફરીથી સળગાવવાનો પ્રયાસ કરવો નહીં.

રોકેટ જેવા ફટાકડા ખુલ્લા મેદાનમાં જ સળગાવવા અને મકાનની બારીઓ, છત કે વીજતાર તરફ જાય નહીં તેની કાળજી રાખવી.

ઘરની અંદર, બાલ્કનીમાં કે સાંકડી ગલીઓમાં ફટાકડા ફોડવા નહીં.

ફટાકડા ફોડ્યા બાદ તેના કચરાનો યોગ્ય નિકાલ કરવો અને સળગેલા અવશેષો ઠંડા થયા બાદ જ દૂર કરવા.

આગ લાગે અથવા કોઈ વ્યક્તિ દાઝી જાય તો તાત્કાલિક જરૂરી મદદ મેળવવી અને ફાયર બ્રિગેડનો સંપર્ક કરવો.

આગ અકસ્માતના બનાવ સમયે સંપર્ક કરવાના નંબરઃ

ફાયર સ્ટેશન	ફોન નંબર
ICCC કન્ટ્રોલ રૂમ	૧૦૧ / ૧૦૨ (૦૨૮૧ - ૨૩૩૧૧૦૧/ ૨/૩/૪/૫/૬) ૯૪૨૯૯ ૦૩૨૬૧
કનક રોડ મુખ્ય ફાયર સ્ટેશન	૦૨૮૧ - ૨૨૨૭૨૨૨ /૨૨૩૬૧૮૩
નાગરીક બેન્ક ફાયર સ્ટેશન	૯૬૦૬૦ ૨૭૧૦૧
કાલાવડ રોડ ફાયર સ્ટેશન	૦૨૮૧ - ૨૫૮૫૭૭૧
બેડીપરા ફાયર સ્ટેશન	૯૪૨૬૦ ૨૦૭૨૪
કોઠારીયા રોડ ફાયર સ્ટેશન	૦૨૮૧-૨૩૬૫૪૪૪
મવડી ફાયર સ્ટેશન	૦૨૮૧-૨૩૭૪૭૭૪
રામદેવપીર ફાયર સ્ટેશન	૦૨૮૧ - ૨૫૭૪૭૭૩
રેલનગર ફાયર સ્ટેશન	૦૨૮૧ - ૨૪૫૧૧૦૧

રાજકોટમાં વાહનોની બમ્પર ખરીદી :૧ જ દિવસમાં ૨૦૦૦ ટુ-વ્હીલર અને ૬૦૦ ફોર-વ્હીલરની ડીલીવરી

નવી ડિલિવરી થયેલી ફોર-વ્હીલરમાં ૬૦ ટકા હિસ્સો ઈલેક્ટ્રિક વાહનોનો નોંધાયો







રાજકોટઃદિવાળી પર્વ અંતર્ગત આજે સમગ્ર રાજકોટ સહિત દેશભરમાં ધનતેરસના પવિત્ર તહેવારની ભારે શ્રદ્ધા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ભારતીય સંસ્કૃતિમાં ધનતેરસના શુભ દિવસે નવી વસ્તુઓ, ઘરગથ્થુ સાધનો અને ખાસ કરીને સોના-ચાંદીના દાગીના કે સિક્કા ખરીદવાનું વિશેષ મહાત્મ્ય રહેલું છે. આ ઉપરાંત, આજના પાવન મુહૂર્તમાં લોકો નવી ઓફિસ, ઘર કે દુકાનના વાસ્તુ-મુહૂર્ત કરીને નવી વ્યવસાયિક અને વ્યક્તિગત શરૂઆત કરવાનો આગ્રહ રાખતા હોય છે.

વિશેષ તહેવાર પર નવી વસ્તુઓ ઘરે લાવવાની પરંપરાને કારણે આજનો દિવસ ખાસ કરીને રાજકોટના ઓટોમોબાઈલ સેક્ટર માટે અત્યંત ફળદાયી સાબિત થયો છે. આજે રાજકોટ શહેરમાં ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનોની બમ્પર ખરીદી નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે, એલ્યુમિનિયમ, કોપર અને પ્રોડક્શન કોસ્ટ વધવાના કારણે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે વાહનોના ભાવમાં આશરે ૧૦ ટકા જેટલો વધારો થયો છે.

આમ છતાં, શુભ દિવસની ખરીદી પર ભાવવધારાની કોઈ જ અસર જોવા મળી નથી અને લોકોએ અગાઉથી કરાવેલા બુકિંગ મુજબ મનપસંદ વાહનોની ડિલિવરી મેળવીને ધનતેરસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં આ વર્ષે પણ ટુ-વ્હીલર વાહનોની ખરીદીમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળ્યો છે.

બીજી તરફ, એલ્યુમિનિયમ, કોપર અને અન્ય જરૂરી કાચા માલના ભાવમાં થયેલા મજબૂત વધારાની સીધી અસર ઓટોમોબાઈલ સેક્ટર પર જોવા મળી છે. ઉત્પાદન ખર્ચ વધતા હિરો મોટોકોર્પ દ્વારા મોડલ મુજબ રૂા.૭૦૦થી રૂા.૩,૫૦૦ સુધીનો ભાવવધારો કરવામાં આવ્યો હતો, જ્યારે બજાજ ઓટો એ પણ વિવિધ વાહનોની કિંમતમાં રૂા.૭૦૦થી રૂા.૬,૦૦૦ સુધીનો વધારો કર્યો હતો. ડીલરના જણાવ્યા મુજબ, આગામી ૧ નવેમ્બરથી વાહનોના ભાવમાં વધુ ૫ ટકાનો વધારો લાગુ થઈ રહ્યો છે, જ્યારે ગત વર્ષની સરખામણીએ કુલ ભાવમાં ૧૦ ટકા જેટલો વધારો થઈ ચૂક્યો છે. આમ છતાં, ભાવવધારાને દરકિનાર કરીને ગ્રાહકોએ ખરીદીનો માહોલ જાળવી રાખ્યો છે.

બીજી તરફ, આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા યુદ્ધ અને વૈશ્વિક પરિસ્થિતિના કારણે પેટ્રોકેમિકલ ઉત્પાદનોના ભાવમાં વધારો થયો છે, જેની સીધી અસર ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદન ખર્ચ પર પણ પડી છે. પરિણામે ઈવી-ટુ વ્હીલરના ભાવમાં વાહનની કિંમત દીઠ અંદાજે રૂા.૪,૦૦૦નો વધારો થયો છે. આમ છતાં, પેટ્રોલના ઊંચા ખર્ચથી બચવા અને લાંબા ગાળાના લાભ ધ્યાને રાખીને ગ્રાહકો મોંઘવારી વચ્ચે પણ ઉત્સાહભેર ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી કરી રહ્યા છે.

ધનતેરસના વાહન ખરીદીના શુભ મુહૂર્તો દરમિયાન ટુ-વ્હીલરની સાથે ફોર-વ્હીલ નું પણ ભારે વેચાણ નોંધાયું છે. આજે એક જ દિવસમાં અંદાજે ૬૦૦ જેટલી નવી ફોર-વ્હીલર ગાડીઓની ડીલીવરી કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, આગામી ૧ નવેમ્બરથી કાર ઉત્પાદક કંપનીઓ દ્વારા વાહનોના ભાવમાં ૩ થી ૪ ટકાનો વધારો અમલી બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, ગત વર્ષના સરખામણીએ આ વર્ષે કુલ ભાવમાં ૮ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે. આમ છતાં, ગ્રાહકોના ઉત્સાહ અને ખરીદી પર ભાવવધારાની કોઈ નકારાત્મક અસર જોવા મળી નથી. શો-રૂમ્સ પર ગ્રાહકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.આજના દિવસે પોતાની સ્વપ્નની કારની ડીલીવરી મેળવવા માટે લોકોએ ૨ મહિના અગાઉથી જ બુકિંગ કરાવી લીધું હતું. આ વખતના વેચાણમાં સૌથી મહત્વની વાત એ સામે આવી છે કે પેટ્રોલ-ડીઝલના વિકલ્પે હવે ઈલેક્ટ્રિક વ્હીકલ (ઈફ) ફોર-વ્હીલરનો ક્રેઝ અભૂતપૂર્વ રીતે વધ્યો છે.



સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

ભારત-અમેરિકા સંબંધોનું નવું સમીકરણ

વ્યક્તિના અહમનો અંધકાર તેના પતન નું કારણ બને છે આવું જ અમેરિકાના સર્વ સત્તાધીસ પ્રમુખ ડોનાલ્ડ ની બાબતમાં બન્યું છે.ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ અમેરિકાની ૨૦૨૬ની મધ્યમ-કાલીન ચૂંટણીમાં કોંગ્રેસના બંને ગૃહોમાં બહુમતી ગુમાવી દીધી છે.ડેમોક્રેટ પાર્ટીએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝ અને સેનેટ બંને પર નિયંત્રણ મેળવ્યું છે. ભારત માટે આ ફક્ત અમેરિકી આંતરિક રાજકારણની વાત નથી; તે વ્યાપાર, ટેક્નોલોજી, રક્ષા, ઊર્જા અને વિદેશનીતિના સંબંધોને અસર કરી શકે તેવી ઘટના છે.સૌથી પહેલી અસર વ્યાપાર ક્ષેત્રે દેખાઈ શકે છે. ટ્રમ્પની ટેરિફ નીતિને કારણે ભારતીય નિકાસકારોને ઘણી મુશ્કેલી આવી હતી. ફાર્મા, ટેક્સટાઇલ, જ્વેલરી, ઓટો કમ્પોનન્ટ, સોફ્ટવેર સેવા અને કૃષિ ઉત્પાદનોના નિકાસ પર દબાણ વધ્યું હતું. હવે ડેમોક્રેટ નિયંત્રિત કોંગ્રેસ ટ્રમ્પની આક્રમક ટેરિફ નીતિને પડકારી શકે છે અને વ્યાપાર સંબંધોમાં વધુ સંતુલન લાવવાનો દબાણ કરી શકે છે. જો ટેરિફ ઘટે અથવા નવી વાટાઘાટ પ્રક્રિયા શરૂ થાય, તો ભારતીય ઉત્પાદકો માટે અમેરિકી બજાર ફરી વધુ ખુલ્લી બની શકે છે.ભારત માટે બીજી સકારાત્મક શક્યતા એ છે કે અમેરિકામાં નીતિગત અસ્થિરતા વધશે, તેથી અમેરિકન કંપનીઓ ભારતને વધુ મહત્વ આપી શકે છે. ચીન પર નિર્ભરતા ઘટાડવાની વૈશ્વિક ચર્ચા ચાલુ છે. આ પરિસ્થિતિમાં ભારત ઉત્પાદન, કૌશલ્ય, ડિજિટલ સેવા અને સપ્લાય ચેઇનનું વૈકલ્પિક કેન્દ્ર બની શકે છે. જો ભારત માળખાકીય સુધારા, સરળ પરવાનગી પ્રક્રિયા, સ્થિર કરવેરા વ્યવસ્થા અને વિશ્વસનીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડે, તો અમેરિકન રોકાણ વધવાની તક મળી શકે છે.પરંતુ આ જ પરિસ્થિતિમાં એક જોખમ પણ છે. અમેરિકામાં રાષ્ટ્રપતિ અને કોંગ્રેસ વચ્ચે સંઘર્ષ વધશે તો મોટા નિર્ણયો અટવી શકે છે. વ્યાપાર કરાર, ટેક્નોલોજી ટ્રાન્સફર, રક્ષા ખરીદી અને ઊર્જા સહયોગ જેવા મુદ્દાઓ પર નિર્ણય લેવામાં વિલંબ થઈ શકે છે. ભારતે આવી અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને લાંબા ગાળાની વ્યૂહરચના બનાવવી જરૂરી છે. એક જ સમયે અમેરિકા, યુરોપ, જાપાન, દક્ષિણપૂર્વ એશિયા અને ખાડી દેશો સાથે સંબંધો વિસ્તારવા ભારત માટે વધુ જરૂરી બનશે.રક્ષા અને સુરક્ષા ક્ષેત્રે પણ અસર થઈ શકે છે. ટ્રમ્પની વિદેશનીતિ ઘણી વખત એકપક્ષીય અને અણધારી રહી છે. હવે ડેમોક્રેટ કોંગ્રેસ તેમના નિર્ણયો પર વધુ નિયંત્રણ રાખશે.

ભારતની અખંડિતતાના અગ્રેસર : કૃષ્ણકુમારસિંહજી અને સરદાર વલ્લભભાઈ પટેલ



ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

અખંડ ભારતના સ્વપ્ન અને ઐતિહાસિક સંક્રાંતિકાળ ભારતીય સ્વતંત્રતા સંગ્રામ માત્ર એક રાજકીય સત્તાના હસ્તાંતરણનો ઇતિહાસ નથી, પરંતુ સદીઓથી વિખરાયેલાં ક્ષેત્રો, રજવાડાંઓ અને સાંસ્કૃતિક વિવિધતાને એકસૂત્રમાં પરોવીને એક સાર્વભૌમ રાષ્ટ્રના નિર્માણની ગૌરવગાથા છે. આ મહાન એકીકરણની પ્રક્રિયામાં દેશના પટ્ટ પથી વધુ દેશી રાજ્યોને ભારતીય સંઘ સાથે જોડવાના પડકારજનક કાર્યને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની અદમ્ય દ્રઢતા અને વહીવટી કુશળતાથી પાર પાડ્યું હતું. આ ઐતિહાસિક પ્રક્રિયામાં સૌરાષ્ટ્રની ભૂમિ અને ખાસ કરીને ભાવનગર રાજ્યનું પ્રદાન અદભુત અને દીવાદાંડી સમાન રહ્યું છે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી દ્વારા લેવાયેલું સ્વેચ્છિક સમર્પણ અને મહાત્મા ગાંધીના નૈતિક માર્ગદર્શન હેઠળ ઘડાયેલી આ રૂપરેખા ભારતના રાજકીય ઇતિહાસમાં એક સોનેરી પ્રકરણ સમાન છે.

મહાત્મા ગાંધી, કૃષ્ણકુમારસિંહજી અને સરદાર પટેલઃ ભાવનગરના વિલીનીકરણની કથાને સમજવા માટે તે સમયના મહાનાયકો—મહાત્મા ગાંધી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી અને સરદાર વલ્લભભાઈ પટેલ વચ્ચે રચાયેલી ઐતિહાસિક કડીને અતિસૂક્ષ્મતાથી મૂલવવી અનિવાર્ય બને છે. કેટલાક ઐતિહાસિક અહેવાલો અનુસાર, ૧૭ ડિસેમ્બર, ૧૯૪૭ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ દિલ્હીના બિરલા હાઉસમાં મહાત્મા ગાંધીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે સ્વતંત્ર ભારત સાથે ભાવનગરના વિલીનીકરણની તૈયારી સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરી હતી. ગાંધીજીએ આ ઉદાત્ત નિર્ણયને હર્ષભેર આવકાર્યો અને તેમને આ વિષયે સરદાર વલ્લભભાઈ પટેલ સાથે વિગતવાર વાતચીત કરવા સૂચવ્યું હતું.આ ત્રણેય મહાનુભાવોની ભૂમિકાઓ ભલે અલગ હતી, પરંતુ સ્વતંત્ર ભારતના નિર્માણની પ્રક્રિયામાં તેમની વચ્ચે એક અત્યંત મજબૂત કડી રચાઈ ગઈ. ગાંધીજીની નૈતિક પ્રેરણા, સરદાર પટેલની અદ્ભુત સંગઠન શક્તિ અને મહારાજાની રાજ્યસત્તાના ત્યાગની તત્પરતા—આ ત્રણેય પરિબળો વિલીનીકરણની પૃષ્ઠભૂમિને સમજવા માટે સૌથી મોટો આધાર પૂરો પાડે છે. અહીં એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે આ મુલાકાતનો ઉલ્લેખ ઉપલબ્ધ ઐતિહાસિક અહેવાલોના આધારે ચોક્કસ કરી શકાય, પરંતુ પ્રત્યેક વાતચીતના શબ્દશઃ સંવાદને કોઈપણ પ્રમાણિત પ્રાથમિક દસ્તાવેજ વગર આખરી ઐતિહાસિક સત્ય તરીકે સ્થાપિત ન કરવો જોઈએ. આમ છતાં, આ ત્રણેયની દીર્ઘદ્રષ્ટિએ દેશસમક્ષ એક અનુકૂળ માર્ગ જરૂર પ્રશસ્ત કર્યો હતો.

૧૫ જાન્યુઆરી, ૧૯૪૮: ભાવનગરમાં સરદાર પટેલની ઐતિહાસિક મુલાકાત ભાવનગર અને સરદાર પટેલના સંબંધોના ઇતિહાસમાં ૧૫ જાન્યુઆરી, ૧૯૪૮નો દિવસ અદભુત અને વિશેષ મહત્ત્વ ધરાવે છે. સરદાર પટેલ આ દિવસે ખાસ ભાવનગરમાં એક વિશાળ જાહેરસભાને સંબોધવા માટે પધાર્યા હતા. આ પ્રસંગ ભારતના અખંડ એકીકરણના ઇતિહાસમાં એક સીમાચિહ્ન સાબિત થયો. આ એ જ ઐતિહાસિક ઘડી હતી જ્યારે મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ભાવનગર રાજ્યના ભવિષ્ય અંગે ભારત સંઘ સાથે જોડાવાનો પોતાનો નિર્ણયક સંકલ્પ જાહેર કર્યો અને રાજ્યના વહીવટને પ્રજાના લોકપ્રિય પ્રતિનિધિઓને સોંપવાની પ્રક્રિયાને વધુ વેગ આપ્યો.આ મુલાકાત અને જાહેરાતનું મહત્ત્વ મુખ્યત્વે ત્રણ આયામો દ્વારા સ્પષ્ટ થાય છેઃ ૧. રાષ્ટ્રીય એકતાને મળેલું વ્યાપક પ્રોત્સાહનઃ ભાવનગર દ્વારા લેવાયેલા આ સ્વયંસ્ફુર્ત નિર્ણયથી અન્ય દેશી રાજ્યોના શાસકો સમક્ષ એક ઉત્તમ અને વ્યવહારુ ઉદાહરણ બેઠું થયું કે, નવસર્જિત સ્વતંત્ર ભારતના નિર્માણમાં સહભાગી થવું માત્ર શક્ય જ નહીં, પરંતુ રાષ્ટ્રહિતમાં અનિવાર્ય પણ છે. ૨. રાજસત્તાથી પ્રજાકીય વહીવટ તરફનું ક્રાંતિકારી પરિવર્તનઃ રાજ્યનો વહીવટ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને સોંપવાની આ જાહેરાત માત્ર એક રાજકીય જોડાણ પૂરતી મર્યાદિત નહોતી, પરંતુ તે શાસનપદ્ધતિના મૂળમાં લોકશાહી મૂલ્યોના સ્થાપનની દિશા દર્શાવતી હતી. ૩. સરદાર પટેલના એકીકરણ અભિયાનને મળેલો નૈતિક આધારઃ સરદાર પટેલ દેશી રાજ્યોને એક સક્ષમ સંઘીય માળખામાં જોડવા માટે અતૂટ પરિશ્રમ કરી રહ્યા હતા. ભાવનગરના આ સમયસરના નિર્ણયથી સમગ્ર સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં રાજ્યોના સમૂહીકરણ અને સંઘીકરણ માટે અત્યંત અનુકૂળ વાતાવરણનું નિર્માણ થયું.

સરદાર પટેલનું ઓજસ્વી નિવેદન અને તેનો અંતર્નિહિત તર્ક ૧૫ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ ભાવનગરમાં આપેલા સરદાર પટેલના ભાષણ અંગે ભારત સરકારના 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત તૈયાર કરાયેલા ઐતિહાસિક દસ્તાવેજમાં એક અત્યંત નોંધપાત્ર વિચાર ટાંકવામાં આવ્યો છે. સરદાર પટેલે નાના જળાશયો અને તળાવોનું ઉદાહરણ આપતાં ખૂબ જ સચોટ સરખામણી કરી હતી. તેમણે સમજાવ્યું કે અલગ-અલગ પાણીનાં નાના-નાના તળાવો ખૂબ જ મર્યાદિત ઉપયોગીતા ધરાવે છે, પરંતુ જ્યારે એ જ છૂટાંછવાયાં પાણી એક વિશાળ સરોવરમાં ભેગાં થાય છે, ત્યારે તેનાથી સમગ્ર પ્રદેશને વ્યાપક અને કાયમી લાભ થઈ શકે છે. આ સચોટ ઉપમા દ્વારા તેમણે ભારતીય માનસમાં અખંડિતતા, એકતા અને સંગઠનની આવશ્યકતાને ખૂબ જ સરસ રીતે સમજાવી હતી.

આ વિચારનો ઐતિહાસિક સંદર્ભ એટલા માટે સ્પષ્ટ હતો કે તે સમયે કાઠિયાવાડ અને સૌરાષ્ટ્રમાં ૨૨૨ નાના-નાના દેશી રાજ્યો અને વહીવટી એકમો અસ્તિત્વમાં હતા. તેમની અલગ-અલગ સત્તાઓ, મર્યાદિત સીમાઓ અને ભિન્ન વહીવટી વ્યવસ્થાઓને કારણે સમગ્ર પ્રદેશ માટે કોઈ એક સમાન નીતિ ઘડવી અત્યંત મુશ્કેલ બની ગઈ હતી. સરદાર પટેલનો સ્પષ્ટ સંદેશ એ હતો કે એકબીજાથી અલગ પડેલા આ નાના એકમો જો પરસ્પર સહકારથી એક વિશાળ વહીવટી માળખામાં જોડાઈ જાય, તો સમગ્ર પ્રદેશના સર્વાંગી વિકાસને અભૂતપૂર્વ વેગ મળી શકે છે.

ભાવનગરનું વિલીનીકરણઃ ભાવનગરના આ મહત્ત્વપૂર્ણ વિલીનીકરણને યોગ્ય રીતે સમજતી વખતે સૌપ્રથમ જોડાણ અને સંપૂર્ણ વહીવટી વિલીનીકરણ વચ્ચેનો પાયાનો તફાવત જાણવો અત્યંત જરૂરી છે. વર્ષ ૧૯૪૭માં દેશી રાજ્યો માટે ભારત સાથે જોડાણની જે મૂળ બંધારણીય પ્રક્રિયા શરૂ થઈ હતી, તેમાં સામાન્ય રીતે સંરક્ષણ, વિદેશી બાબતો અને સંદેશાવ્યવહાર જેવા મહત્ત્વના વિષયોનો જ પ્રાથમિક સમાવેશ થતો હતો. આ પ્રારંભિક જોડાણ પછી જ રાજ્યોને સક્ષમ પ્રાદેશિક સંઘોમાં જોડવાની અને તેમના આંતરિક વહીવટનું સંપૂર્ણ એકીકરણ કરવાની અસલી પ્રક્રિયા આગળ વધી હતી.

આ ઐતિહાસિક તારીખો અને ઘટનાઓના સમયક્રમને હંમેશાં ધ્યાનમાં રાખવો જોઈએઃ

૧૫ જાન્યુઆરી, ૧૯૪૮: ભાવનગરમાં સરદાર પટેલની ઐતિહાસિક મુલાકાત અને રાજ્યના વહીવટી પરિવર્તન સાથે સીધો સંકળાયેલો મહત્ત્વનો પ્રસંગ.

૨૩ જાન્યુઆરી, ૧૯૪૮: સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યની રચના માટેના કરાર પર ઔપચારિક હસ્તાક્ષર.

૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૮: સૌરાષ્ટ્ર રાજ્યનું ઔપચારિક ઉદ્ઘાટન અને નવા વહીવટી યુગની શરૂઆત.આ સચોટ સમયક્રમ સ્પષ્ટપણે દર્શાવે છે કે ભાવનગરનું જોડાણ અને સૌરાષ્ટ્ર રાજ્યની રચના પરસ્પર ગાઢ રીતે સંબંધિત હોવા છતાં, તે બે અલગ-અલગ પરંતુ ક્રમબદ્ધ તબક્કા હતા.આ નિર્ણય કેટલો વિશિષ્ટ અને દીર્ઘદ્રષ્ટિવાળો હતો? ભાવનગરને ભારતના સર્વપ્રથમ વિલીન થયેલાં અગ્રણી દેશી રાજ્યોમાંનું એક ગૌરવવંતુ સ્થાન આપવામાં આવે છે. ગુજરાત સરકારના ભાવનગર જિલ્લા વહીવટી તંત્રના અધિકૃત ઇતિહાસમાં પણ મહારાજા કૃષ્ણકુમારસિંહજીને પોતાના રાજ્યનું ભારતીય સંઘમાં સૌપ્રથમ વિલીનીકરણ કરનાર અગ્રણી રાજવી તરીકે સન્માનપૂર્વક ઓળખાવવામાં આવ્યા છે.

પરંતુ, આ સમગ્ર ઘટનાની ખરી વિશિષ્ટતા માત્ર 'પ્રથમ હોવા' પૂરતી સીમિત નથી. તેની પાછળનો મુખ્ય અને સળગતો પ્રશ્ન એ હતો કે સ્વતંત્રતાની આ નિર્ણાયક ઘડીએ રાજસત્તા પોતાના રાજકીય હિતને કેવી રીતે વ્યાખ્યાયિત કરે—શું જૂની અને પરંપરાગત સત્તાને જ કોઈપણ ભોગે યથાવત રાખીને કે પછી બદલાતી રાષ્ટ્રીય અને લોકશાહી વ્યવસ્થામાં પ્રજાના કલ્યાણ માટે એક નવી અને ગૌરવપૂર્ણ ભૂમિકા સ્વીકારીને? મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ આમાંથી બીજા માર્ગને પસંદ કર્યો અને તેને અપનાવ્યો. તેમણે પોતાના અંગત સ્વાર્થને તિલાંજલિ આપીને પોતાના રાજ્યના ભવિષ્યને એક વિશાળ, અખંડ અને સાર્વભૌમ ભારતીય સંઘની રચના સાથે જોડી દીધું.આ દીર્ઘદ્રષ્ટિવાળા નિર્ણયના પરિણામે ભાવનગરનું એક અલગ દેશી રાજ્ય તરીકેનું પરંપરાગત રાજકીય અસ્તિત્વ સમાપ્ત થવાની દિશામાં આગળ વધ્યું, પરંતુ તેના બદલે સમગ્ર પ્રદેશમાં એક સમાન, સંયુક્ત અને પ્રજાલક્ષી વહીવટી માળખાની રચનાને અભૂતપૂર્વ વેગ મળ્યો. મહારાજા કૃષ્ણકુમારસિંહજીનો આ ત્યાગ અને સમર્પણ સદૈવ અમર રહેશે, જેણે અન્ય રાજ્યોને પણ પ્રેરણા પૂરી પાડીને અખંડ ભારતના સ્વપ્નને વાસ્તવિકતામાં ફેરવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

કેવું જશે આપનું આવતું અઠવાડિયું



મેષ - (અ, લ, ઈ) :- આ અઠવાડિયે વિશેષ ધ્યાન સાથે વાહન ચલાવો. તમારી આંખો અને કાન ખુલ્લા રાખો, ખાસ કરીને તીક્ષ્ણ વારા અને ચોરસ પર, નહીં તો તમે અકસ્માત થઈ શકો છો. આ અઠવાડિયામાં લોકો તમારા સમર્પણ અને મહેનત પર ધ્યાન આપશે અને તેના કારણે તમને થોડો આર્થિક લાભ મળશે. આ સમય દરમિયાન, જો કે, આર્થિક સહાય આપતી વખતે, તમારી જીવનસાથી તમને કોઈપણ મુશ્કેલીમાંથી બહાર નીકળવામાં મદદ કરી શકે તેવી શક્યતાઓ વધારે છે. આ અઠવાડિયે તમારી માતાનું સ્વાસ્થ્ય ખૂબ સારું રહેશે. જેના કારણે તમે અનેક ચિંતાઓથી મુક્ત થશો. આ સાથે, તમારા પિતાને પણ ક્ષેત્રે પ્રગતિ કરવાની ઘણી તકો મળશે. આવી સ્થિતિમાં, પરિવાર પર આ સકારાત્મક પરિસ્થિતિઓની સારી અસર ઘરના વાતાવરણમાં સમૃદ્ધિ લાવવામાં પણ મદદ કરશે. આ સમયે તમારા કાર્યક્ષેત્રમાં ચાલી રહેલા તનાવ અને તાણને કારણે તમે તમારા જીવનસાથીને જરૂરી સમય આપી શકશો નહીં. જેથી શક્ય છે કે તમારા સાથીને લાગે કે તમે ખોટા છો અને તમારાથી દૂર જવાનું પણ વિચારે છે. આ અઠવાડિયા દરમિયાન, તમારી રાશિના સંકેતો વ્યવસાયની દ્રષ્ટિએ ઉત્તમ પરિણામો આપે તેવી સંભાવના છે કારણ કે તમે દરેક પદ વધારશો અને તમારા શિસ્ત અને સખત મહેનતના બળ પર ક્ષેત્રની દરેક રાજદ્વારી વ્યૂહરચનાને ઘુસાડીને પગારમાં વધારો પ્રાપ્ત કરશો.

વૃષભ - (બ, વ, ઉ) આ અઠવાડિયે, તમારું સ્વાસ્થ્ય પાછલા અઠવાડિયા કરતા સારું રહેશે અને તમારું સ્વાસ્થ્ય મજબૂત સાથે, તમે ઘણું સારું અનુભવશો. આ તે કારણ છે કે તમે આ વર્ષમાં લાંબી રોગોથી છુટકારો મેળવવામાં સમર્થ હશો. ઉપરાંત, આ સમય દરમિયાન તમારું જીવન પણ ઊર્જાથી ભરેલું રહેશે. પૂર્વજોની સંપત્તિ, જમીન, સંપત્તિ, નીતિ, વગેરે જેવા તમારા પાછલા કોઈપણ રોકાણોને લીધે, આ અઠવાડિયે તમારી આવક વધશે. આવી સ્થિતિમાં, તમે સારી યોજનામાં ફરીથી તે નાણાંનું રોકાણ કરવાનું પણ નક્કી કરી શકો છો. આ અઠવાડિયાની શરૂઆતથી અંત સુધી, તમે તમારા સંપૂર્ણ પારિવારિક જીવનનો આનંદ માણશો. આ તમને શાંતિપૂર્ણ રીતે તમારું જીવન જીવવા માટે મદદ કરશે. ઘરના નાના સભ્યો તમારાથી પ્રભાવિત થશે, અને વૃદ્ધ સભ્યો વચ્ચે, તમે આ સમયે તમારી સારી છબી સ્થાપિત કરી શકશો. જે તમને તમારા માનસિક તાણથી હંમેશા માટે કાયમ માટે રાહત આપશે. લવ કુંડળી મુજબ આ અઠવાડિયાનો સમય તમારા લવ મેરેજનો સરવાળો બનાવશે. જેના કારણે તમે લવ મેરેજ પણ કરી શકો છો અને જો તમારી લગ્ન કુંડળીમાં અનુકૂળ સ્થિતિમાં હોય તો, કુટુંબની સંમતિથી, તમે ઇચ્છો તે વ્યક્તિ સાથે પણ ખુશ રહી શકો છો, જે તમને ખૂબ ખુશ કરશે. આ અઠવાડિયે ક્ષેત્રના સંજોગો સંપૂર્ણ રીતે તમારી તરફેણમાં રહેશે. જેના કારણે તમે કાર્યસ્થળ પરના દરેક અધૂરા કાર્યને પૂર્ણ કરીને તમારા ઉપરી અધિકારીઓ અને તમારા બોસને ખુશ કરી શકશો. આ સાથે, તમે ભવિષ્યમાં પ્રગતિની સંભાવના પણ જોશો. આ અઠવાડિયે ઘણા વિદ્યાર્થીઓ ઇચ્છિત કોલેજ અથવા કોર્સમાં પ્રવેશ મેળવે તેવી સંભાવના છે.

મિથુન - (ક, છ, ઘ) :- આ અઠવાડિયામાં તમારે તમામ પ્રકારની મુસાફરી કરવી જોઈએ, નહીં તો તમે કંટાળો અને તાણ અનુભવો છો. જેની નકારાત્મક અસર તમારા સ્વાસ્થ્ય પર પણ જોવા મળશે. આખા અઠવાડિયામાં, તમારે તમારા જીવનના વિવિધ ક્ષેત્રમાં પૈસા ખર્ચ કરવા પડશે, જેના કારણે તમને કેટલાક પૈસાની કમીનો અનુભવ થઈ શકે છે. આવી સ્થિતિમાં, શરૂઆતમાં, તમારે નાણાકીય બાબતોને ધ્યાનમાં રાખીને, એક યોગ્ય વ્યૂહરચના બનાવવાની જરૂર રહેશે. આની મદદથી, તમે તમારા ઘણા નકામી ખર્ચને નિયંત્રિત કરી શકશો. આ અઠવાડિયે, તમારા નબળા વર્તનને કારણે તમારો નિકટનો મિત્ર અથવા પરિવાર તમારી સાથે છૂટા પડી શકે છે. જેની સીધી અસર પારિવારિક જીવન પર પડશે. આવી સ્થિતિમાં, જો તમને આ ન જોઈએ, તો પછી તમારા વર્તનમાં રાહત લાવો, અને અન્ય લોકો સાથે કોઈ પણ પ્રકારના વિવાદમાં ન આવો. પ્રેમ સંબંધોમાં તમારા અસ્થિર સ્વભાવને લીધે, તમારે ન માંગતા હોવ તો પણ આ અઠવાડિયામાં તમારી પ્રેમિકા સાથે મતભેદ થઈ શકે છે.

કર્ક - (ડ, હ) :- તમારી રાશિના સ્વાસ્થ્યના દૃષ્ટિકોણથી, આ અઠવાડિયું સંપૂર્ણ રહેશે. કારણ કે આ સમય દરમિયાન તમારે કોઈ મોટી સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. આવી સ્થિતિમાં, આ સકારાત્મક સમયનો લાભ લઈને તમારા નજીકના લોકો સાથે તાજી હવાનો આનંદ લો. આ અઠવાડિયે તમે ઘણા ગુમ્ો્તો અને સંપર્કોથી સારી કમાણી કરશો. પરંતુ આ સમય દરમિયાન તમારા ઘરના ખર્ચમાં વધારો તમારા માટે બચત વધારે મુશ્કેલ બનાવશે. તેથી તમારા માટે વધુ સારું રહેશે કે તમે તમારા વધારાના પૈસા સુરક્ષિત સ્થળે રાખો અને ફક્ત ખરાબ સ્થિતિમાં જ તેનો ઉપયોગ કરો. તમારા બાળકના ઇનામ વિતરણ સમારોહ ના બુલાવા, તમારા અને પરિવાર માટે આનંદની લાગણી હશે. તે તમારી અપેક્ષાઓ પર જીવશે અને તમે તેના દ્વારા તેના સપના સાકાર થતા જોશો, જેથી તમારી આંખોમાં ભેજ સ્પષ્ટ દેખાશે. આ અઠવાડિયે, તમારા પર વધારાના વર્કલોડ જવાબદારીઓનો ભાર તમને દબાણ આપી શકે છે. આને દૂર કરવા માટે, તમે તમારા પ્રિય સાથે સમય વિતાવીને, ખુશ, હળવા અને આનંદકારક ક્ષણો તેમના હાથમાં પસાર કરીને તમારા તાણને દૂર કરવાનો પ્રયાસ કરશો. જો કે, આ સમય દરમિયાન તમારા કેટલાક કામો પણ અવરોધિત થઈ શકે છે.

સિંહ - (મ, ટ) :- આ અઠવાડિયે તમને લાગે છે કે, તમારી આસપાસના લોકો તમારી પાસેથી વધુ માંગ કરે છે અને અપેક્ષા રાખે છે. આવી સ્થિતિમાં, તમે તેમની દરેક માંગને પૂર્ણ કરવા માટે તમારા પર વધારાના દબાણનો અનુભવ કરશો. પરંતુ તમારે સમજવું પડશે કે તમારા કરતા વધારે કોઈનું વચન આપશો નહીં, અને ફક્ત અન્યને ખુશ કરવા માટે બિનજરૂરી તાણથી પોતાને થાકશો નહીં. તમારે કોઈને ધ્યાનમાં લીધા વિના તમારા પૈસા આપવું જોઈએ નહીં. નહીં તો આવનારા સમયમાં તમને ઘણી મુશ્કેલી પડી શકે છે. તેથી, તમારા નાણાંનો યોગ્ય રીતે ઉપયોગ કરવા માટે, તમે તમારા ઘરના વડીલો અને વડીલોની સલાહ લઈ શકો છો. સંભાવનાઓ છે કે ઘરના સભ્યની સલાહ તમને આ અઠવાડિયે વધારાના પૈસા કમાવવામાં મદદ કરશે, જે તમારું મન પ્રસન્ન કરશે. ઉપરાંત, તમે ઘરના સભ્યો પર ખુલ્લેઆમ ખર્ચ કરતા અને તેમના માટે ભેટો લેતા જોશો. જો તમે ખરેખર કોઈને પ્રેમ કરો છો, તો પછી આ અઠવાડિયે તમે તમારા પ્રેમી સાથે લવ મેરેજ કરવાનું નક્કી કરી શકો છો.

કન્યા - (પ, ઠ, ણ) :- આ અઠવાડિયે, તમારું સ્વાસ્થ્ય પાછલા અઠવાડિયા કરતા સારું રહેશે અને તમારું સ્વાસ્થ્ય મજબૂત સાથે, તમે ઘણું સારું અનુભવશો. આ તે કારણ છે કે તમે આ વર્ષમાં લાંબી રોગોથી છુટકારો મેળવવામાં સમર્થ હશો. ઉપરાંત, આ સમય દરમિયાન તમારું જીવન પણ ઊર્જાથી ભરેલું રહેશે. જો પૈસાનો મોટો હિસ્સો વળતર અને લોન, વગેરેના રૂપમાં લાંબા સમયથી અટવાયું છે, તો આ અઠવાડિયામાં તમને તે પૈસા મળશે. કારણ કે, આ સમયે, ઘણા શુભ ગ્રહોની સ્થિતિ અને દૃષ્ટિ તમારી રાશિના જાતકના ઘણા મૂળ વતનીને ફાયદાકારક નાણાં દશાવિ છે. આ અઠવાડિયે, તમે ઘરના કામમાં રસ લઈને ઘરની અન્ય મહિલાઓને મદદ કરી શકો છો. આ તમને કુટુંબમાં વધતા માન અને સન્માનની સાથે અન્ય સભ્યો સાથેના તમારા સંબંધને મજબૂત બનાવવામાં મદદ કરશે. આ અઠવાડિયે તમારા સ્વભાવમાં કેટલાક પરિવર્તન આવશે, જેના કારણે તમારું વલણ પણ કંઈક અસ્થિર રહેવાની અપેક્ષા છે. પરિણામે, તમારા પ્રિયજનોના આ વલણને કારણે, તમારે તમારી સાથે તાલ રાખવા માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આવી સ્થિતિમાં, તમારા સ્વભાવમાં થોડો શિષ્ટાચાર લાવો, અને તમારા પ્રેમી સાથે પણ યોગ્ય સંવાદ જાળવવાનો પ્રયાસ કરો. તમારી રાશિમાં ઘણા ફાયદાકારક ગ્રહોની હાજરી તમારા શત્રુઓ માટે સારું નથી.

તુલા - (ર, ત) :- આ અઠવાડિયે તમે ખૂબ ભાવનાત્મક દેખાશો, જેના કારણે તમને તમારી લાગણીઓને કાબૂમાં રાખવી મુશ્કેલ લાગે છે. આવી સ્થિતિમાં, તમારું વિલક્ષણ વલણ લોકોને મૂંઝવણમાં મૂકે છે અને તેથી તમે હેરાન થઈ શકો છો. તમારા માટે તે વધુ સારું રહેશે, ફક્ત તમારી લાગણીઓને બીજાને બતાવવાનું ટાળો પહેલાનાં અનુમાન મુજબ તમારી આર્થિક સ્થિતિ આ અઠવાડિયામાં ઘણી હદ સુધી સુધરશે. કારણ કે આ સમયે તમે તમારી સંપત્તિ દરેક રીતે સંગ્રહિત કરી શકશો. આ સમય દરમિયાન, તમારી આર્થિક બાજુને મજબૂત બનાવવા માટે, આ દરમિયાન કેટલાક મોટા નિર્ણયો લેવાની પણ સંભાવના છે. તેથી દરેક નિર્ણય લેતી વખતે ઉતાવળ ન કરો અને ઉત્સાહથી કોઈપણ નિર્ણય પર પહોંચો. આ અઠવાડિયે તમારા માતાપિતાની તબિયત સુધરે તેવી સંભાવના છે. જેના કારણે તમને તમારી ઘણી માનસિક મુશ્કેલીઓથી રાહત મળશે. ઉપરાંત, તમારા પરિવાર સાથે સમય પસાર કરવા માટે, તમે ઓફિસથી વહેલું કામ સમાપ્ત કરવાનો પ્રયાસ કરી શકો છો અને વહેલા ઘરે પહોંચી શકો છો. તમારી રાશિના પ્રેમીઓ પ્રકૃતિ દ્વારા જુસ્સાદાર અને સંભાળ રાખે છે.

વૃશ્ચિક - (ન, ય) :- આ અઠવાડિયામાં કેટલાક કારણોસર, તમારે અચાનક સફર પર જવું પડી શકે છે. આ યાત્રા તમારા માટે ખૂબ જ કંટાળાજનક સાબિત થશે. આવી સ્થિતિમાં, જો શક્ય હોય, તો તમારા માટે વધુ સારું રહેશે કે તમે આ મુસાફરી પાછળથી મુલતવી રાખો. આ અઠવાડિયે, તમારા મિત્રો અને કેટલાક નજીકના સગાસંબંધી તમને દરેક પગલા પર તમને સહાયતા કરતા, તમામ પ્રકારની આર્થિક મુશ્કેલીઓમાંથી છુટકારો મેળવવામાં મદદ કરશે. જેની સહાયથી તમે તમારી આર્થિક સ્થિતિ સુધારવામાં સમર્થ હશો, સાથે સાથે તમે તમારા કોઈપણ દેવાની ચૂકવણી પણ કરી શકશો. આ અઠવાડિયું તમારા પરિવાર અથવા મિત્રો સાથે પિકનિક પર જવા માટે ઉત્તમ છે. આ ફક્ત તમારા મગજને હળવા કરશે નહીં, પરંતુ તે તમને તેમની સાથેના તમારા સંબંધોને વધુ સુધારવામાં પણ સક્ષમ બનાવશે. આ અઠવાડિયામાં તમે તમારા પ્રેમીને દુખી કરવા, અચાનક તમારી પ્રેમિકાને ચીડવવા અથવા તેમને ઈર્ષા અનુભવવા માટે કોઈ પ્રકારની મજાક કરી શકો છો. જો કે, તમે ટૂંક સમયમાં તમારા પ્રેમીને મજાકનો અંત લાવવા માટે મનાવવા પ્રયાસ કરતા જોશો.

ધન - (ભ, ધ, ફ, ઢ) :- આ અઠવાડિયું તમારા સ્વાસ્થ્ય માટે સામાન્ય રહેશે. જે તમારા સ્વભાવમાં સકારાત્મક ફેરફારો પણ બતાવશે, અને તમે તમારા નજીકના, મિત્રો અને પરિવાર સાથે સારો સમય પસાર કરવા માટે તેમની સાથે ટૂંકા અંતરની મુસાફરી કરવાની યોજના બનાવી શકો છો. આ યાત્રા ફક્ત તમારા હવા અને પાણીને જ નહીં બદલશે, પરંતુ તમે તમારી જાતને તાજું રાખવા પણ સક્ષમ હશો. એવી આશંકાઓ છે કે તમે આ અઠવાડિયામાં થોડી જંગમ અને સ્થાવર મિલકતની ચોરી કરી હોઇ શકે છે, અથવા કોઈ તમારો વિશ્વાસ તોડીને તેને પડાવી શકે છે, ત્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી પોતાને શરૂઆતથી સાવધ રાખો, કોઈના પર આંધળો વિશ્વાસ કરવાનું ટાળો. આ અઠવાડિયામાં સમાજના ઘણા મોટા લોકો મળવાનું શક્ય છે. આવી સ્થિતિમાં, તમારે પણ આ તકનો યોગ્ય લાભ લઈને જાતે પ્રયાસ કરવો પડશે. કારણ કે આ બેઠક સમાજમાં તમારી સ

ગત સમયની ભૂલોને નવા વર્ષે નિવારીએ

દિવાળી એટલે અંધારામાંથી અજવાળા તરફ જવાની યાત્રા. આ તહેવાર પર આપણે ઘરની સફાઈ કરીએ છીએ, દીવા પ્રગટાવીએ છીએ અને જૂનું બધું કાઢીને નવાને આવકારીએ છીએ. ખરેખર તો આ સમય આપણી જિંદગીની સફાઈ કરવાનો પણ છે. વર્ષ દરમિયાન આપણે જે ભૂલો કરી હોય તેને ઓળખીને તેને સુધારવાનો આ સૌથી સારો અવસર છે. દીવાઓના પ્રકાશમાં જેમ ઘરનો કચરો દેખાય છે, તેમ જીવનના અનુભવોના પ્રકાશમાં આપણી ભૂલો પણ સ્પષ્ટ દેખાય છે. એટલે આ દિવાળીએ માત્ર ઘર નહીં, પણ આપણી ટેવોને પણ સાફ કરીએ.

ભૂલોનું ગણિત સમજવું ખૂબ અઘરું છે. કહેવાય છે કે સૃષ્ટિની શરૂઆત પણ એક ભૂલથી થઈ હતી. ભૂલ એવો વિચિત્ર શબ્દ છે કે આપણી પોતાની ભૂલ આપણને ક્યારેય દેખાતી નથી, જ્યારે બીજાની નાની ભૂલ પણ આપણને ખૂબ મોટી લાગે છે. આ દુનિયામાં દરેક વ્યક્તિ ભૂલ કરે છે, પણ પોતાની ભૂલ સ્વીકારવાની હિંમત બહુ ઓછા લોકોમાં હોય છે. આ હિંમત લાવવા માટે મોટું મન જોઈએ. ઘણીવાર એવું બને છે કે વ્યક્તિ જેમ જેમ મોટી થતી જાય છે તેમ તેમ તેની ભૂલો પણ મોટી થતી જાય છે, કારણ કે મોટી વ્યક્તિને તેની ભૂલ બતાવવાની હિંમત કોઈ કરતું નથી અને તે પોતે પણ પોતાની ભૂલ સ્વીકારવા તૈયાર હોતી નથી. પરિણામ ભલે ખરાબ આવે, પણ તે પોતાની ભૂલને કારણે હોઈએ છીએ અને પછી તેનું પરિણામ ભોગવવું પડે છે. જો આ ભૂલોને સમજી લેવામાં આવે તો જીવનનો રસ્તો ઘણો સરળ બની શકે છે. દિવાળીના આ પાવન અવસરે આપણે એવી જ ચાર મુખ્ય ભૂલો વિશે વાત કરીશું જેનાથી બચવું જોઈએ.

માનવી માત્ર ભૂલને પાત્ર જ છે ગયા વર્ષે આપણે જે ભૂલો કરી છે તેને કારણે આપણી પ્રગતિમાં સ્પીડ બ્રેકર આવ્યા છે. પરંતુ આ વર્ષે તો સફળતાનો નવો માર્ગ ખુલે તે હકીકત છે, નવા વર્ષે સંકલ્પ કરીએ અને આગળ વધીએ અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરીએ એ જ દિવાળીનો સંદેશ છે.

આવ્યું છે એવું લોકો ભાગ્યે જ કબૂલે છે.જિંદગીને સરળ અને ખુશહાલ બનાવવી હોય તો કેટલીક સામાન્ય ભૂલોથી બચવું ખૂબ જરૂરી છે. આ ભૂલો આપણે રોજબરોજ અજાણતા કરતા આપણી પોતાની બની જાય, તે યોગ્ય નથી. જ્યારે તમે કોઈની સમસ્યામાં જરૂર કરતાં વધારે સામેલ થાવ છો ત્યારે તમારી માનસિક શાંતિ ખોરવાઈ જાય છે અને તમે પણ તે સમસ્યાનો ભાગ

ઘણીવાર આપણો સ્વભાવ એવો હોય છે કે કોઈનો ફોન આવે કે કોઈ મદદ માંગે તો આપણે બધું પડતું મૂકીને દોડી જઈએ છીએ. બીજાને મદદ કરવી એ સારી વાત છે, પણ કોઈની મુશ્કેલીમાં એટલા ઊંડા ઉતરી જવું કે તે મુશ્કેલી બની જાવ છો. આ વાતને સમજવા માટે એક જાણીતી વાર્તા છે. એક ખેડૂતનો ઘોડો ખૂબ બીમાર પડ્યો. ખેડૂતે પશુ ડોક્ટરને બોલાવ્યા. ડોક્ટરે દવા કરીને કહ્યું કે ત્રણ દિવસ રાહ જોઈએ, જો ઘોડો આ ત્રણ દિવસમાં ઊભો નહીં થાય તો તેને મારી નાખવો પડશે નહીંતર તેનો રોગ બીજા પ્રાણીઓમાં ફેલાઈ જશે. આ વાત સાંભળીને ત્યાં ઉભેલો બકરો ચિંતામાં પડ્યો. તેણે પહેલા દિવસે ઘોડાને કહ્યું કે ભાઈ તું ઊભો થવાનો પ્રયત્ન કર, નહીંતર તકલીફ થશે. ઘોડાએ સાંભળ્યું નહીં. બીજા દિવસે બકરાએ ફરી ખૂબ આગ્રહ કર્યો, પણ ઘોડો બેસી રહ્યો. ત્રીજા દિવસે બકરાએ ગભરાઈને કહ્યું કે આજે છેલ્લો દિવસ છે, જો તું નહીં ઊભો થાય તો તારું મોત નક્કી છે. આ સાંભળીને ઘોડો બીકનો માર્યો માંડ માંડ ઊભો થયો અને ધીમે ધીમે ચાલવા લાગ્યો. ત્રીજા દિવસે જ્યારે ખેડૂત ડોક્ટરને લઈને આવ્યો ત્યારે ઘોડાને ચાલતો જોઈને તે ખૂબ ખુશ થઈ ગયો. ખુશીમાં તેણે પોતાની પત્નીને કહ્યું કે આજે આપણો ઘોડો સાજો થઈ ગયો છે, તો સાંજે પાર્ટી કરીએ અને બકરાને કાપીને બધાને જમાડીએ. તે રાત્રે બકરાનો કરુણ અંત આવ્યો. જે બકરાએ સારી ભાવનાથી મદદ કરવાનો પ્રયત્ન કર્યો હતો, તે જ વધારે પડતું સામેલ થવાને કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયો. તેથી મદદ જરૂર કરો, પણ એક હદમાં રહીને.બીજી મોટી ભૂલ એ છે કે આપણે કોઈ વ્યક્તિ સાથે એટલા બધા જોડાઈ જઈએ છીએ કે તે વ્યક્તિ વગર આપણને ચાલે જ નહીં. જે લોકો આપણી સાથે હસી ખુશીને વાત કરે છે તેમને આપણે ખૂબ મહત્વ આપવા લાગીએ છીએ. આપણા દરેક સારા નરસા પ્રસંગમાં આપણે તેમને યાદ કરીએ છીએ. પણ જ્યારે તે જ વ્યક્તિ આપણને અવગણવાનું શરૂ કરે છે ત્યારે આપણું દિલ તૂટી જાય છે. સાચું તો એ છે કે જ્યાં સુધી તમારો સમય સારો હોય છે ત્યાં સુધી જ ઘણા લોકો તમારી સાથે હોય છે.

વિક્રમ સંવત ૨૦૮૩નું વાર્ષિક રાશિફળ

મેષ

વિક્રમ સંવત ૨૦૮૩ મેષ રાશિના જાતકો માટે ઉર્જા, ઉત્સાહ અને નવા સાહસોથી ભરપૂર રહેશે. કરિયર અને ધંધાકીય ક્ષેત્રે પ્રગતિના નવા દરવાજા ખુલશે અને આર્થિક સ્થિતિ મજબૂત બનશે. સ્વાસ્થ્ય સારું રહેશે પરંતુ ઉત્સાહમાં કોઈ ઉતાવળિયો નિર્ણય લેવાનું ટાળવું. ૧ સામાન્ય અને આરોગ્ય (General & Health) વિક્રમ સંવત ૨૦૮૩ મેષ રાશિના જાતકો માટે ઉર્જા, ઉત્સાહ અને નવા પરિવર્તનોથી ભરપૂર રહેશે. વર્ષના પ્રારંભમાં માનસિક સ્થિરતા અને શાંતિ જાળવવી ખૂબ જરૂરી બનશે, કારણ કે અતિશય ઉત્સાહમાં કોઈ ઉતાવળિયો નિર્ણય ન લેવો. આરોગ્યની દ્રષ્ટિએ આ વર્ષ એકંદરે ઉત્તમ રહેશે, પરંતુ વધુ પડતી ભાગદોડને કારણે શારીરિક થાક કે નબળાઈ અનુભવાઈ શકે છે. પાચનતંત્ર અને માથાનો દુખાવો જેવી નાની-મોટી તકલીફોથી બચવા માટે ખાવા-પીવામાં સંયમ રાખવો અને નિયમિત કસરત કે યોગને જીવનનો હિસ્સો બનાવવો. ૨. ધન અને બિઝનેસ (Finance & Business) આર્થિક દ્રષ્ટિએ આ વર્ષ ઉત્તરોત્તર પ્રગતિ કરાવનારું સાબિત થશે. વર્ષની શરૂઆતમાં ખર્ચ પર થોડું નિયંત્રણ રાખવું પડશે, પરંતુ સમય જતાં આવકના નવા સ્ત્રોતો ખુલશે અને જૂના રોકાણોમાંથી ધાર્યા કરતાં વધુ વળતર મળશે. વેપાર-ધંધામાં નવા સાહસ કરવા માટે સમય અનુકૂળ છે. જો તમે ભાગીદારીમાં બિઝનેસ કરતા હોવ તો પાર્ટનર સાથે પારદર્શિતા રાખવી ફાયદાકારક રહેશે. પ્રોપર્ટી કે શેરબજારમાં રોકાણ કરતી વખતે અનુભવીઓની સલાહ અવશ્ય લેવી. ૩. અભ્યાસ (Education) વિદ્યાર્થીઓ માટે વિક્રમ સંવત ૨૦૮૩ નું વર્ષ ખૂબ જ સફળ અને પ્રેરણાદાયી રહેશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા યુવાનોને તેમની મહેનતનું ધાર્યું પરિણામ મળશે અને કોઈ મોટી સિદ્ધિ હાથ લાગી શકે છે. જો તમે ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવાનું વિચારી રહ્યા છો, તો આ વર્ષે તમારા આ સપનાને સાકાર થવાની પ્રબળ તકો રહેલી છે. એકાગ્રતા જાળવી રાખવાથી શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શકશો. ૪. લવ લાઈફ અને મેરેજ લાઈફ (Love Life & Marriage Life) પ્રેમ સંબંધોની બાબતમાં આ વર્ષ ખૂબ જ રોમાંચક અને મધુર રહેશે. લવ લાઈફ જીવતા જાતકો વચ્ચે પરસ્પર વિશ્વાસ અને સમજણ વધશે, અને તમારા સંબંધો વધુ મજબૂત બનશે. જે લોકો અવિવાહિત છે અને લગ્નજીવનની શરૂઆત કરવા માંગે છે, તેમના માટે આ વર્ષે સારા પ્રસ્તાવ આવી શકે છે અને સગાઈ કે લગ્નના યોગ પ્રબળ છે. પરિણિત દંપતીઓ માટે ઘર પરિવારમાં ખુશીઓ જળવાઈ રહેશે અને જીવનસાથીનો પૂરો સહયોગ મળશે. ઉપાય: દર મંગળવારે હનુમાનજીને સિંદૂર અર્પણ કરવું અને હનુમાન ચાલીસાના પાઠ કરવા. આ ઉપરાંત ગાયને ગોળ ખવડાવવાથી વર્ષ દરમિયાન સફળતા મળશે.

વૃષભ

આ નવું વર્ષ વૃષભ રાશિના જાતકો માટે સ્થિરતા, શાંતિ અને ભૌતિક સુખ-સુવિધાઓ વધારનારું સાબિત થશે. પ્રોપર્ટી કે રોકાણ બાબતે લાંબા ગાળાના મજબૂત અને સંતોષકારક આર્થિક લાભો મળી શકશે. પારિવારિક જીવનમાં ખુશીઓ જળવાઈ રહેશે અને સ્વાસ્થ્ય બાબતે ખાવા-પીવામાં સંયમ રાખવો. ૧ સામાન્ય અને આરોગ્ય: આ વર્ષ આપના માટે સ્થિરતા અને ભૌતિક સુખ-સુવિધાઓ વધારનારું રહેશે જેનાથી જીવનમાં આરામ અને સંતોષની અનુભૂતિ થશે. આરોગ્ય બાબતે થોડી સાવચેતી રાખવી પડશે અને ખાસ કરીને ગળા, શરદી-ઉધરસ કે આંખોની નાની સમસ્યાઓથી બચવું. બહારના ખોરાકથી દૂર રહીને ખાવા-પીવામાં સંયમ રાખવાથી સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. ૨ ધન અને બિઝનેસ: આવકના નવા સ્ત્રોત ઊભા થશે અને પ્રોપર્ટી, જમીન કે વાહનમાં રોકાણ કરવા માટે આ સમય અત્યંત શ્રેષ્ઠ ગણાય છે. બિઝનેસમાં ધીમી પરંતુ મજબૂત પ્રગતિ જોવા મળશે જે ભવિષ્યમાં મોટો આર્થિક લાભ કરાવશે. નોકરીયાત વર્ગ માટે પ્રમોશન કે નવી ઉત્તમ જવાબદારી મળવાના પૂરા યોગ છે. ૩ અભ્યાસ: અભ્યાસમાં એકાગ્રતા જાળવવામાં શરૂઆતમાં થોડી મુશ્કેલી પડી શકે છે પણ સતત મહેનત કરવાથી ધાર્યા પરિણામો ચોક્કસ મળશે. ખાસ કરીને આર્ટસ, ડિઝાઈનિંગ અને ક્રિએટિવ ફીલ્ડના વિદ્યાર્થીઓ માટે આ વર્ષ ખૂબ જ અદભુત સાબિત થશે. સમયનો સદુપયોગ કરીને નવી કૌશલ્ય તાલીમ મેળવી શકાય છે. ૪ લવ લાઈફ અને મેરેજ લાઈફ: પ્રેમ સંબંધોમાં વધુ ગંભીરતા અને પરિપક્વતા આવશે જેથી પાર્ટનર સાથેના સંબંધો વધુ મજબૂત બનશે. મેરેજ લાઈફમાં જો કોઈ જૂના મતભેદો કે ગેરસમજ હોય તો તે આપમેળે દૂર થઈ જશે. જીવનસાથી સાથે કોઈ લાંબા પ્રવાસનું આયોજન થઈ શકે છે જે સંબંધોમાં નવો રોમાંચ લાવશે. ઉપાય: દર શુક્રવારે નાની કન્યાઓને સાકર કે સફેદ મીઠાઈ આપવી અને મહાલક્ષ્મીજીની આરાધના કરવી. કીડીયારું પૂરવાથી આર્થિક સ્થિતિ મજબૂત બનશે.

મિથુન

બૌદ્ધિક ક્ષમતા, વાણી અને સંચાર કૌશલ્યના જોરે તમે આ વર્ષે વિશેષ સફળતા મેળવશો. બિઝનેસમાં નવા સંપર્કો અને નેટવર્કિંગથી મોટો આર્થિક ફાયદો થવાની પૂરી સંભાવના છે. માનસિક દોડધામથી બચવા યોગનો સહારો લેવો અને લવ લાઈફમાં રોમાંચ જળવાઈ રહેશે. ૧ સામાન્ય અને આરોગ્ય: બૌદ્ધિક ક્ષમતા, વાણી અને સંચાર કૌશલ્યના જોરે તમે જીવનના મોટાભાગના ક્ષેત્રોમાં શાનદાર સફળતા મેળવશો. સ્વાસ્થ્ય એકંદરે સારું રહેશે પરંતુ વધુ પડતી માનસિક દોડધામના કારણે અનિદ્રા કે ચિંતા જેવું લાગી શકે છે. આ સમસ્યાથી બચવા માટે યોગ અને પ્રાણાયામનો સહારો લેવો અનિવાર્ય છે. ૨ ધન અને બિઝનેસ: આર્થિક રીતે આ વર્ષ થોડું ઉતાર-ચઢાવ વાળું રહી શકે છે પરંતુ સમયસર યોગ્ય નિર્ણયો લેવાથી નાણાકીય લાભ જળવાઈ રહેશે. બિઝનેસમાં નવા સંપર્કો અને નેટવર્કિંગની મદદથી મોટો વ્યાપારી ફાયદો થઈ શકે છે. બિનજરૂરી ખર્ચા ઉપર કાબૂ રાખવો ખૂબ જરૂરી બનશે. ૩ અભ્યાસ: આઈટી, કોમ્યુનિકેશન, માર્કેટિંગ અને મીડિયાના ક્ષેત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ વર્ષ બેહદ સફળ નીવડશે. નવી ટેકનિકલ સ્કીલ્સ શીખવા માટે સમય અત્યંત અનુકૂળ રહેશે અને શિક્ષકોનો સાથ મળશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં ધાર્યું પરિણામ મળશે. ૪ લવ લાઈફ અને મેરેજ લાઈફ: લવ લાઈફમાં હળવાશ, મસ્તી અને રોમાંચ કાયમ માટે જળવાઈ રહેશે. પાર્ટનર સાથે ખુલીને વાતચીત કરવાથી સંબંધો વધુ ગાઢ અને વિશ્વાસપાત્ર બનશે. પરિણિત જીવનમાં પરસ્પર સહયોગ વધશે અને ઘરનું વાતાવરણ ખુશનુમા રહેશે. ઉપાય: દર બુધવારે ગાયને લીલું ઘાસ (પાલક કે દૂર્વા) ખવડાવવું. મગનું દાન કરવું અને ગણેશજીને દૂર્વા અર્પણ કરવાથી બુદ્ધિ અને વેપારમાં વૃદ્ધિ થશે.

કર્ક

આ વર્ષે ભાવનાત્મક સ્થિરતા જાળવવી અને અન્ય લોકોની વાતોથી પ્રભાવિત થવાનું ટાળવું. ધન સંચય કરવામાં મોટી સફળતા મળશે અને અચાનક કોઈ મોટો નાણાકીય લાભ થઈ શકે છે. મોસમી બીમારીઓથી સાવચેત રહીને ઘરના શુદ્ધ આહાર પર વિશેષ ધ્યાન આપવું. ૧ સામાન્ય અને આરોગ્ય: આ વર્ષે ભાવનાત્મક સ્થિરતા જાળવવી ખૂબ જરૂરી રહેશે અને અન્ય લોકોની વાતોથી જલ્દી પ્રભાવિત થવાનું ટાળવું. સ્વાસ્થ્યની વાત કરીએ તો મોસમી બીમારીઓ, શરદી કે પેટને લગતી તકલીફો પરેશાન કરી શકે છે. તેનાથી બચવા માટે ઘરનું શુદ્ધ ખાવાનું અને પૂરતું પાણી પીવું હિતાવહ છે. ૨ ધન અને બિઝનેસ: ધન સંચય કરવામાં તમને મોટી સફળતા મળશે અને અચાનક કોઈ અણધાર્યો નાણાકીય લાભ થઈ શકે છે. બિઝનેસમાં કોઈ મોટો અને નફો કરાવી શકે તેવો પ્રોજેક્ટ મળી શકે છે જે ભવિષ્યમાં આર્થિક મજબૂતી આપશે. રોકાણ કરતા પહેલા વડીલોની સલાહ લેવી. ૩ અભ્યાસ: સંશોધન, મેડિકલ, નર્સિંગ અને સાયન્સ ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે આ વર્ષ અત્યંત ફળદાયી રહેશે. શિક્ષકો અને ગુરુજનોનો પૂરો માર્ગદર્શન મળવાથી અભ્યાસમાં સરળતા રહેશે. પરીક્ષામાં ઉત્કૃષ્ટ ગુણ પ્રાપ્ત થશે. ૪ લવ લાઈફ અને મેરેજ લાઈફ: પ્રેમ સંબંધોમાં અપેક્ષાઓ વધી શકે છે પરંતુ પાર્ટનરની ભાવનાઓને સમજવી પણ એટલી જ જરૂરી છે. જો વિવાહની વાત ચાલી રહી હોય તો પરિવારની સંમતિથી વાત આગળ વધી શકે છે. લગ્નજીવન શાંતિપૂર્ણ અને સંતોષકારક રહેશે. ઉપાય: દર સોમવારે શિવલિંગ પર દૂધ અને જળનો અભિષેક કરવો. માતા કે વડીલ સ્ત્રીના આશીર્વાદ લઈને કામની શરૂઆત કરવી તથા ચાંદીનો ટુકડો પાસે રાખવો.

સિંહ

આપના આત્મવિશ્વાસ, પરાક્રમ અને નેતૃત્વ ગુણોમાં અદભુત વધારો થવાથી માન-સન્માન વધશે. વેપાર-ધંધાનો વિસ્તાર કરવા માટે સમય અત્યંત સાનુકૂળ છે અને નોકરીમાં પ્રમોશન મળશે. ક્રોધ અને અહમથી દૂર રહીને જીવનસાથી સાથે મધુર સંબંધો જાળવવા. ૧ સામાન્ય અને આરોગ્ય: આપના આત્મવિશ્વાસ, પરાક્રમ અને નેતૃત્વ ગુણોમાં અદભુત વધારો થશે જેથી સમાજમાં માન-સન્માન વધશે. સ્વાસ્થ્ય બાબતે બ્લડ પ્રેશર અને હૃદય સંબંધી નાની બાબતોનું વિશેષ ધ્યાન રાખવું પડશે. વધુ પડતો ક્રોધ કે અહમ રાખવાથી નુકસાન થઈ શકે છે તેથી સંયમ રાખવો. ૨ ધન અને બિઝનેસ: આવકના નવા સ્ત્રોત ખુલશે અને જૂના રોકાણોથી ઉત્તમ વળતર મળશે. વેપાર-ધંધાનો વિસ્તાર કરવા માટે આ વર્ષ ખૂબ જ સાનુકૂળ છે. નોકરી કરતા જાતકોને ઉપરી અધિકારીઓનો સહયોગ મળશે અને પદોન્નતિના યોગ બનશે. ૩ અભ્યાસ: સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે મહેનત રંગ લાવશે. ઉચ્ચ શિક્ષણ મેળવતા યુવાનોને શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત થશે અને આત્મવિશ્વાસ ઉચ્ચ સ્તરે રહેશે. લક્ષ્ય પ્રાપ્તિ માટે આ વર્ષ ઉત્તમ છે. ૪ લવ લાઈફ અને મેરેજ લાઈફ: લવ લાઈફમાં ઈગોને કારણે થોડી ખટરાગ થઈ શકે છે તેથી હંમેશાં નમ્રતા રાખવી. જીવનસાથી સાથેના સંબંધોમાં પ્રેમ અને સન્માન વધશે અને તમે સાથે મળીને કોઈ મોટો પારિવારિક નિર્ણય લઈ શકશો. ઉપાય: દરરોજ સવારે સૂર્યદેવને તાંબાના પાત્રથી જળ અર્પિત કરવું અને 'ઓમ સૂર્યાય નમ:' મંત્રનો જાપ કરવો. પિતાનું સન્માન કરવું.

કન્યા

આ વર્ષ આપના માટે આયોજનબદ્ધ અને વ્યવસ્થિત રીતે કામ કરીને પરફેક્શન લાવવાનું રહેશે. નાણાકીય લેવડ-દેવડમાં સાવચેતી રાખવી અને બિનજરૂરી ખર્ચાઓ પર અંકુશ રાખવો અનિવાર્ય છે. વિદ્યાર્થીઓ માટે મહેનત રંગ લાવશે અને સ્વાસ્થ્ય સામાન્ય રીતે સારું રહેશે. ૧ સામાન્ય અને આરોગ્ય: આ વર્ષ આપના માટે આયોજનબદ્ધ અને વ્યવસ્થિત રીતે કામ કરવાનું રહેશે જેથી દરેક કામમાં પરફેક્શન આવશે. વાયુ, સાંધા કે પાચનને લગતી નાની-મોટી સ્વાસ્થ્ય સમસ્યાઓ રહી શકે છે. માટે ખાવા-પીવામાં અનિયમિતતા ન રાખવી અને નિયમિત સૂર્ય નમસ્કાર કરવા. ૨ ધન અને આરોગ્ય: નાણાકીય લેવડ-દેવડ અને વ્યવહારોમાં ખૂબ જ સાવચેતી રાખવી જરૂરી છે. બિઝનેસમાં નવી યોજનાઓ અને નીતિઓ અમલમાં મૂકી શકશો પરંતુ બિનજરૂરી ખર્ચાઓ પર અંકુશ રાખવો અનિવાર્ય છે. શેરબજારમાં રોકાણ સમજી વિચારીને કરવું. ૩ અભ્યાસ: એકાઉન્ટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્સી, ગણિત અને ફાઇનાન્સના વિદ્યાર્થીઓ માટે આ વર્ષ ખૂબ જ લાભદાયી રહેશે. કઠોર પરિશ્રમથી જ ધારેલું લક્ષ્ય અને સફળતા પ્રાપ્ત થશે. વાંચનમાં એકાગ્રતા વધશે. ૪ લવ લાઈફ અને મેરેજ લાઈફ: પ્રેમ સંબંધોમાં પ્રામાણિકતા અને પારદર્શિતા જાળવવી ખૂબ જરૂરી છે. વિવાહિત જીવનમાં પતિ-પત્ની વચ્ચે ઘરની જવાબદારીઓને લઈને ઉત્તમ તાલમેલ જોવા મળશે. જેનાથી પરસ્પર સંબંધો વધુ મજબૂત બનશે. ઉપાય: દર બુધવારે ભગવાન ગણેશને લાડુ ધરાવવા અને 'ઓમ ગણપતયે નમ:' મંત્રની માળા કરવી. કોઈ ગરીબ વિદ્યાર્થીને ભણવાની વસ્તુઓનું દાન કરવું.

તુલા

જીવનમાં સંતુલન, શાંતિ અને આનંદનો માહોલ રહેશે તેમજ રચનાત્મક કાર્યોમાં રુચિ વધશે. શેરબજાર કે લાંબા ગાળાના રોકાણમાંથી સારો એવો આર્થિક લાભ પ્રાપ્ત થઈ શકે છે. પ્રેમ સંબંધો ખૂબ જ મધુર રહેશે અને દાંપત્યજીવનમાં ખુશીઓ ભરપૂર રહેશે. ૧ સામાન્ય અને આરોગ્ય: જીવનમાં સંતુલન, શાંતિ અને આનંદનો માહોલ જળવાઈ રહેશે અને રચનાત્મક કાર્યોમાં રુચિ વધશે. સ્વાસ્થ્ય એકંદરે ઘણું સારું રહેશે પણ ત્વચા કે કિડની સંબંધિત નાની-મોટી તકલીફો પ્રત્યે જાગૃત રહેવું. પૂરતા પ્રમાણમાં પાણી પીવાથી સ્વાસ્થ્ય સારું રહેશે. ૨ ધન અને બિઝનેસ: આર્થિક સ્થિતિ ખૂબ જ મજબૂત બનશે અને શેરબજાર કે લાંબા ગાળાના રોકાણમાંથી સારો એવો આર્થિક લાભ થશે. બિઝનેસમાં ભાગીદારીથી મોટો ફાયદો થશે. નવા ગ્રાહકો જોડવાથી વેપારનો વ્યાપ વધશે. ૩ અભ્યાસ: ડિઝાઈનિંગ, ફેશન, આર્કિટેક્ચર અને કળા ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સુવર્ણ તકો લઈને આવશે. નવી સિદ્ધિઓ પ્રાપ્ત થશે અને મનગમતી કોલેજમાં પ્રવેશ મળી શકશે. ૪ લવ લાઈફ અને મેરેજ લાઈફ: લવ લાઈફ ખૂબ જ રોમેન્ટિક અને મધુર રહેશે. અવિવાહિત જાતકોના જીવનમાં કોઈ વિશેષ વ્યક્તિની એન્ટ્રી થઈ શકે છે. દાંપત્યજીવનમાં પરસ્પર પ્રેમ અને ખુશીઓ જળવાઈ રહેશે. ઉપાય: દરરોજ અથવા દર શુક્રવારે ઘરમાં કપૂર પ્રગટાવવું અને લક્ષ્મીજીના મંદિરે સફેદ ફૂલ અર્પણ કરવા. સફાઈ કર્મચારીઓને યથાશક્તિ દાન આપવું.

વૃશ્ચિક

આ વર્ષે આપના સાહસ, મનોબળ અને ધૈર્યની કસોટી થશે પણ તમે દરેક મુશ્કેલી પાર કરશો. વીમા કે વારસામાંથી અચાનક લાભ થવાના યોગ છે અને જોખમી નિર્ણયો સમજીને લેવા. સ્વાસ્થ્યની બાબતમાં કોઈ બેદરકારી ન રાખવી અને સંબંધોમાં શંકા કરવાનું ટાળવું. સામાન્ય અને આરોગ્ય: આ વર્ષે આપના સાહસ, મનોબળ અને ધૈર્યની પરીક્ષા થઈ શકે છે પરંતુ તમે દરેક મુશ્કેલીને પાર કરી શકશો. સ્વાસ્થ્યની બાબતમાં કોઈ પણ પ્રકારની બેદરકારી ન રાખવી અને નિયમિત કસરત કરવી. પૂરતી ઊંઘ લેવાથી માનસિક તાજગી રહેશે. ધન અને બિઝનેસ: ગુપ્ત ધન, વીમા કે વારસામાંથી અચાનક લાભ થવાના યોગ છે. બિઝનેસમાં જોખમી નિર્ણયો લેતી વખતે વડીલો કે નિષ્ણાતોની સલાહ અવશ્ય લેવી. નોકરીમાં ટ્રાન્સફર કે નવી જવાબદારીઓ મળી શકે છે. અભ્યાસ: કૂટનીતિ, કાયદો, મેડિકલ રિસર્ચ કે ટેકનિકલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઉત્સુકતા અને સફળતાથી ભરેલું વર્ષ રહેશે. મહેનતનું પૂરું ફળ મળશે. લવ લાઈફ અને મેરેજ લાઈફ: સંબંધોમાં શંકા કે ઉતાવળ કરવાથી બચવું. એકબીજાની અંગત જગ્યા અને ભાવનાઓને માન આપવાથી લવ લાઈફ અને મેરેજ લાઈફ બંનેમાં સુખ-શાંતિ જળવાઈ રહેશે. ઉપાય: દર મંગળવારે સુંદરકાંડના પાઠ કરવા અથવા હનુમાનજીના દર્શન કરી લાલ ચંદનનું તિલક કરવું. વહેતા પાણીમાં થોડો ગોળ પ્રવાહિત કરવો.

ધન

ભાગ્યનો પૂરો સાથ મળશે અને ધાર્મિક તેમજ સામાજિક કાર્યોમાં રુચિ વધવાથી મન પ્રફુલ્લિત રહેશે. નાણાકીય સ્થિતિમાં નોંધપાત્ર વધારો થશે અને વેપારી પ્રવાસો ખૂબ જ લાભદાયી નીવડશે. પ્રેમ સંબંધો લગ્ન સુધી પહોંચી શકે છે અને પરિવારમાં કોઈ ખુશખબર આવી શકે છે. ૧ સામાન્ય અને આરોગ્ય: ભાગ્યનો પૂરો સાથ મળશે અને મનમાં સકારાત્મક વિચારો રહેશે. ધાર્મિક અને સામાજિક કાર્યોમાં રુચિ વધવાથી માનસિક શાંતિ મળશે. સ્વાસ્થ્ય એકંદરે ઉત્તમ રહેશે માત્ર ખાણી-પીણી પર નિયંત્રણ રાખીને વજન વધતું અટકાવવું. ૨ ધન અને બિઝનેસ: નાણાકીય સ્થિતિમાં નોંધપાત્ર અને સંતોષકારક વધારો થશે. વેપાર-ધંધાના અર્થે કરવામાં આવેલા પ્રવાસો ખૂબ જ લાભદાયી નીવડશે અને નવા વેપારી કરાર થશે. ૩ અભ્યાસ: મેનેજમેન્ટ, ઉચ્ચ શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે આ વર્ષ અત્યંત ઉત્તમ છે. યોગ્ય દિશામાં કરેલી મહેનત રંગ લાવશે અને સફળતા મળશે. ૪ લવ લાઈફ અને મેરેજ લાઈફ: લવ લાઈફમાં પ્રેમ પરવાન ચઢશે અને વાત લગ્ન સુધી પહોંચી શકે છે. પરિણિત લોકો માટે આ વર્ષ પરિવારમાં કોઈ નવું મહેમાન આવવાની ખુશીઓ લઈને આવશે. ઉપાય: દર ગુરુવારે કેસર કે હળદરનું તિલક કપાળ પર કરવું અને વિષ્ણુ સહસ્રનામનો પાઠ કરવો. પીળા વસ્ત્ર કે ચણાની દાળનું દાન કરવું.

મકર

તમારી મહેનત અને શિસ્તબદ્ધ જીવનશૈલીનું ઉત્તમ ફળ આ વર્ષે તમને ચોક્કસ મળશે. રિયલ એસ્ટેટ અને બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને મોટો નાણાકીય લાભ થશે. પારિવારિક જવાબદારીઓ સારી રીતે પૂરી કરશો અને સાંધાના દુખાવા બાબતે સાવધ રહેવું. ૧ સામાન્ય અને આરોગ્ય: તમારી મહેનત અને સમર્પણનું ઉત્તમ ફળ આ વર્ષે તમને મળશે અને શિસ્તબદ્ધ જીવનશૈલી તમને આગળ વધારશે. સ્વાસ્થ્યની બાબતમાં હાડકાં, સાંધા કે ઘૂંટણના દુખાવાની તકલીફ પ્રત્યે સાવધ રહેવું. હળવા વ્યાયામ અને યોગ ચાલુ રાખવા. ૨ ધન અને બિઝનેસ: આવકનો પ્રવાહ સતત અને નિયમિત જળવાઈ રહેશે. રિયલ એસ્ટેટ, જમીન-મકાન અને બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને બિઝનેસમાં મોટો નાણાકીય લાભ થશે. ૩ અભ્યાસ: સખત મહેનત, લગન અને એકાગ્રતાથી વિદ્યાર્થીઓ ધાર્યા પરિણામો મેળવશે. એન્જિનિયરિંગ અને ટેકનિકલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રગતિના દ્વાર ખુલશે. ૪ લવ લાઈફ અને મેરેજ લાઈફ: પ્રેમ સંબંધોમાં સ્થિરતા અને ગંભીરતા આવશે. મેરેજ લાઈફમાં જીવનસાથીનો પૂરો સહયોગ મળશે અને તમે સાથે મળીને પરિવારની તમામ જવાબદારીઓ સારી રીતે પૂરી કરી શકશો. ઉપાય: દર શનિવારે શનિદેવના મંદિરે તેલનો દીવો કરવો અને કાળા અડદનું દાન કરવું. પીપળાના વૃક્ષને જળ અર્પણ કરી પ્રદક્ષિણા કરવી.

કુંભ

નવા વિચારો અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બિઝનેસમાં મોટો નફો મેળવશો. મિત્રો અને સ્વજનોનો પૂરો સાથ મળશે તેમજ આર્થિક દ્રષ્ટિએ આ વર્ષ ફાયદાકારક રહેશે. લવ લાઈફમાં નવો રોમાંચ આવશે અને પરિવાર સાથે પ્રવાસના સુંદર યોગ બનશે. ૧ સામાન્ય અને આરોગ્ય: નવા વિચારો, આધુનિક અભિગમ અને ક્રિએટિવ યોજનાઓ અમલમાં મૂકવાનું આ વર્ષ છે. મિત્રો અને સ્વજનોનો સાથ મળશે. સ્વાસ્થ્ય સારું રહેશે પરંતુ આંખો, પગ કે નસો સંબંધિત નાની તકલીફો પ્રત્યે જાગૃત રહેવું. ૨ ધન અને બિઝનેસ: આર્થિક દ્રષ્ટિએ આ વર્ષ ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. બિઝનેસમાં આધુનિક ટેકનોલોજી, ઓનલાઈન માધ્યમો કે નવી પદ્ધતિઓનો ઉપયોગ કરવાથી અણધાર્યો મોટો નફો થશે. ૩ અભ્યાસ: સાયન્સ, ઈજનેરી, કોડિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોના વિદ્યાર્થીઓ માટે વર્ષ અત્યંત ઉત્સાહજનક રહેશે અને ઉત્કૃષ્ટ સિદ્ધિઓ મળશે. ૪ લવ લાઈ

રાજકોટ મનપા સ્થાયી સમિતિની મીટીંગમાં ૧૯ દરખાસ્ત પેન્ડીંગઃ બે નામંજૂર

૨૦૪ કરોડના વિકાસ કામો સાથે લાભપાંચમથી નવા ડામર કામોનો પ્રારંભ



રાજકોટ, રાજકોટમાં છેલ્લા મહિનાઓમાં યુધ્ધના કારણે વધેલા ડામરના ભાવથી રસ્તાના નવા કામો અટકી પડયા છે ત્યારે આજે મળેલી સ્ટે.કમીટીની મીટીંગમાં મેયરે રસ્તા પેવર કામ અને પેચ કામનો પત્ર મોકલતા પૂરા રાજકોટ માટે અત્યાર સુધીના સૌથી વધુ ૧૭૦ કરોડના ડામર કામને મંજૂરી આપવામાં આવ્યાનું ભાજપ સંકલન બાદ મેયર ડો. નેહલ શુકલ અને સ્ટે. ચેરમેન પરેશ પીપળીયાએ કહ્યું હતું. ૧૮ વોર્ડમાં જરૂરીયાત મુજબ અને ક્રમ મુજબના તમામ રહેણાંક વિસ્તારો ડામરથી મઢવાથી શરૂઆત લાભપાંચમથી થઈ જશે તેવી જાહેરાત પણ શાસકોએ કરી છે.

આજે ધનતેરસના દિવસે લોકોને નવા ડામર કામ સહિત ૨૦૪.૭૯ કરોડના વિકાસ કામોની ભેંટ આપવામાં આવી છે. આજની મીટીંગમાં શહેરના રસ્તાઓની કાયાપલટ કરવા મહાનગરપાલિકાએ મહત્વનો નિર્ણય લેવાયો છે. શહેરના મુખ્ય માર્ગોની સાથે રહેણાંક વિસ્તારોના રસ્તાઓને નવા ડામરથી મઢવા માટે આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ. ૧૭૦ કરોડથી વધુના ડામર રોડના કામોને મંજૂરીની મહોર મારવામાં આવી છે.

લાભપાંચમના શુભ દિવસથી શહેરના તમામ ૧૮ વોર્ડમાં રસ્તાઓના કામનો ધમધમાટ શરૂ કરવામાં આવશે. મેયર ડો. નેહલ શુકલએ એકટ મુજબ પોતાને મળેલી સત્તાની રૂએ રસ્તા કામો માટે ભંડોળ અગ્રતાથી ફાળવવા ચેરમેનને અનુરોધ કરતો પત્ર લખ્યો હતો. ઈસ્ટ ઝોનમાં ૬૮.૧૮ કરોડના ખર્ચે ૫૫ કિ.મી., સેન્ટ્રલમાં ૬૬.૪૩ કરોડના ખર્ચે ૬૪ કિ.મી. અને વેસ્ટમાં ૩૬.૧૯ કરોડના ખર્ચે ૧૫ કિ.મી. મળી ૧૩૭ કિ.મી.ના રોડ નવા મઢવાને મંજૂરી અપાઈ છે. કોર્પો.એ અમુક કામના ટેન્ડર કર્યા છે અને અમુક કામ એન્યુઅલ રેટ કોન્ટ્રાકટ (એઆરસી)થી ચાલુ છે. ડામરના ભાવનો તફાવત સરકારની ગાઈડલાઈન મુજબ ચુકવવામાં આવશે તેવું પણ પદાધિકારીઓએ કહ્યું હતું.

૧૮ વોર્ડમાં ખાસ કરીને રહેણાંક વિસ્તારો, સોસાયટીઓ અને આંતરિક માર્ગોને પ્રાથમિકતા આપી નવા ડામર રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્ટેન્ડિંગ કમિટીએ એકસાથે રૂ. ૧૭૦ કરોડથી વધુના રસ્તા કામોને મંજૂરી આપતાં લાભપાંચમથી કામગીરી શરૂ કરી રહેણાંક વિસ્તારોના રસ્તાઓને નવા ડામરથી મઢવામાં આવશે.છેલ્લા કેટલાક સમયથી ડામરના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને કોન્ટ્રાક્ટરોને ભાવતફાવત ચૂકવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર જ ભાવ તફાવત ચૂકવવામાં આવશે. ડામરના વધેલા ભાવને કારણે રસ્તાઓની કામગીરીમાં અવરોધ ન સર્જાય તે માટે પણ વ્યવસ્થા કરવામાં આવશે.મનપાની સ્ટે.કમીટીની આજે મળેલી મીટીંગમાં નવા વર્ષના ડામર કામ સહિતના વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા હતા. એજન્ડા પરની ૪૪ પૈકી ૧૯ દરખાસ્ત પેન્ડીંગ અને બે નામંજૂર કરાઈ હતી.

એસોચેમની મેનેજીંગ કમિટીમાં સતત ચોથી વખત રાજકોટ ચેમ્બર ઈન્ડસ્ટ્રી પ્રમુખ વી.પી. વૈષ્ણવની વરણી



રાજકોટ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર-ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી ૭૨ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે. રાજકોટ ચેમ્બર દ્વારા હર હંમેશ વેપાર-ઉદ્યોગના તેમજ આમ પ્રજાના પ્રશ્નોનું યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે.

તેમજ કેન્દ્ર તથા રાજય સરકારમાં એક સેતુ બની રજુઆતો કરી ઉદ્ભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દિલ્હી સ્થિત એસોચેમમાં સભ્યપદ ધરાવે છે. જેમાં પ્રમુખ વી.પી. વૈષ્ણવની મેનેજીંગ કિમિટિમાં સભ્ય તરીકે સતત ચોથી વખત બિનહરિફ ચૂંટાઈ આવેલ છે. એસોચેમની મેનેજીંગ કમિટિમાં સૌરાષ્ટ્ર-કચ્છમાંથી રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવને સ્થાન મળવાથી સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ માટે ગૌરવની બાબત ગણાય.

આમ આ સ્થાન મળવાથી રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોના પ્રશ્નોને ખુબ જ મહત્વ સાથે વાચા મળશે. સાથો સાથ વી.પી. વૈષ્ણવ હાલ નેશનલ લેવલની સંસ્થા ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ન્યુ દિલ્હીમાં કારોબારી સભ્ય તરીકે, મુંબઈ સ્થિત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં કારોબારી સભ્ય તરીકે તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં રીજીઓનલ કારોબારી સભ્ય તરીકે અને (એસોચેમ) માં મેનેજીંગ કમિટિમાં કાર્યરત છે. તેમજ ફેડરેશન ઓફ સૌરાષ્ટ્ર-કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન તરીકે પણ કાર્યરત છે.

આમ ઈતિહાસમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ૪ જેટલી મહત્વની ઉચ્ચ લેવલની સંસ્થાઓનું એક માત્ર પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે તે ગૌરવની બાબત ગણાય. આથી તમામ વેપાર-ઉદ્યોગકારોને તેઓને ઉદ્ભવતા પ્રશ્નો કે સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા પણ અનુરોધ કરવામાં આવે છે. જેથી તેની ઉચ્ચ લેવલે રજુઆત કરી યોગ્ય નિરાકરણ લાવી શકાય. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

રાજકોટ જીલ્લામાં ચાલુ નવેમ્બર માસનો જથ્થો રેશનીંગનાં વેપારીઓને પહોંચી ગયો

એડવાન્સમાં જ ડોર સ્ટોપ ડીલીવરી શરૂ કરી અનાજ-દાળ-ખાંડ પહોંચાડી દેવાયા

રાજકોટ રાજયનાં પૂરવઠા વિભાગની દ્વારા નવેમ્બર માસની હજુ તો શરૂઆત છે. ત્યાંજ રાજયનાં ૧૭ હજાર વેપારીઓની દુકાને અનાજ ખાંડ દાળનો પુરો જથ્થો પહોંચાડી દેવાયો છે.

સુત્રોના જણાવ્યા મૂજબ દિવાળીના તહેવારને ધ્યાને રાખીને લાભાર્થીઓને તેમનો નવેમ્બર-૨૬ નો મળવા પાત્ર જથ્થો સમય મર્યાદામાં મળી રહે તે માટે ઓકટોબર માસથી જ એડવાન્સમાં જ દુકાનો સુધી ડોર સ્ટેપ ડીલીવરી શરૂ કરવામાં આવેલ હતી. ત્યારે આજની સ્થિતિએ ઘઉંની કુલ ૬૮૬૦૦ મે.ટન પરમીટ સામે કુલ ૬૮૫૦૩ મે ટન જથ્થો એપીએસ સુધી પહોંચતો કરવામાં આવેલ છે. જે કુલ જથ્થાનાં ૯૯.૯૧ ટકા છે.ચોખાની કુલ ૮૬૨૫૨ મે.ટન સામે પરમીટ સામે ૮૬૧૭૦ ટન જથ્થો એફ.પી.એસ સુધી પહોંચતો કરવામાં આવેલ છે. જે કુલ જથ્થાનાં ૯૯.૯૦ ટકા છે. ચણાની કુલ ૫૮૮૫ મે ટન પરમીટ સામે કુલ ૫૮૮૫ મે ટન જથ્થો એફપીએસ સુધી પહોંચતો કરવામાં આવેલ છે. જે કુલ જથ્થાનાં ૧૦૦ ટકા છે.તુવેર દાળની કુલ ૫૯૭૮ મે ટન પરમીટ સામે કુલ ૫૯૭૮ મે ટન જથ્થો એફપીએસ સુધી પહોંચતો કરવામાં આવેલ છે જે કુલ જથ્થાનાં ૧૦૦ ટકા છે. ખાંડની કુલ ૪૧૯૪ મે.ટન પરમીટ સામે કુલ ૪૧૯૪ મે ટન જથ્થો એફ.પી.એસ સુધી પહોંચતો કરવામાં આવેલ છે. જે કુલ જથ્થાનાં ૧૦૦ ટકા છે.

દિવાળીના તહેવારોનાં ધ્યાને લઈને નિગમનાં તમામ ગોડાઉનો ખાતેથી સવારે વહેલાથી લઈને રાત્રે મોડે સુધી તેમજ તમામ જાહેર રજાઓમાં પણ ડીએસડી શરૂ રાખી જથ્થો દુકાનો સુધી પહોંચતો કરવામાં આવેલ છે.જેના લીધે નવેમ્બર ૨૬ માસનો તમામ જથ્થો એડવાન્સમાં જ એફીએસ સુધી ડીએસડી થઈ ગયેલ છે અને એફપીએસ દ્વારા પણ સદર જથ્થો ઉત્સાહ સાથે લાભાર્થીઓને અપાઈ રહયો છે. દિવાળીના પાવન તહેવાર પર કોઈપણ લાભાર્થી તેમને મળવાપાત્ર જથ્થાથી વંચીત રહેવા પામે નહિં તે માટે પુરવઠા તંત્ર સક્રિય પ્રયત્ન કરી રહેલ છે.

ઉપલેટાના વૃધ્ધ ખેડૂતના મોબાઈલમાં બે એપીકે એપ ઈન્સ્ટોલ થતાં રૂ.૪.૭૮ લાખ ઉપડી ગયા

ખેડૂત બેંકમાં સ્ટેટમેન્ટ કઢાવવા ગયા ત્યારે મોટી રકમ ફ્રોડ થયું થઈ હોવાની જાણ થઈ

રાજકોટ. ઉપલેટાના વૃધ્ધ ખેડૂતના મોબાઈલમાં અજાણતા બે એપીકે એપ ઈન્સ્ટોલ થઈ અને રૂ.૪.૭૮ લાખ ઉપડી ગયા હતાં. ખેડૂત બેંકમાં સ્ટેટમેન્ટ કઢાવવા ગયા ત્યારે જાણ થઈ કે, પાંચ મહિના પહેલા તેમની સાથે ફ્રોડ થયું છે. હાલ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે ઉપલેટામાં ઢાંકની ગારી વૃંદાવન સોસાયટી શેરી નં. ૦૨ માં રહેતાં રસીકભાઈ ભોવાનભાઈ ભલાણી (ઉ.વ.૭૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમા બે દીકરા અને એક દીકરી છે.

વધુમાં બનાવ અંગે ફરીયાદીએ જણાવ્યું કે, ગઇ તા. ૦૨ ના રોજ ઉપલેટામા વકીલ પાસે આઈ.ટી. રીટર્ન ભરાવવા માટે ગયેલ હોય ત્યારે વકીલે કહેલ કે, બેંક પાસબુક તથા બેંક સ્ટેટમેન્ટ લેતા આવજો. તેઓને બેંક ઓફ બરોડા ચીખલીયા શાખામા બેક એકાઉન્ટ હોય તો બેંક પર સ્ટેટમેન્ટ કઢાવવા માટે ગયેલ હતો.

ત્યા જઈ સ્ટેટમેન્ટ કાઢેલ તો જાણવા મળેલ કે, ગઇ તા.૨૯/૦૫ તથા તા.૩૦/૦૫ ના રોજ તેઓના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્ઝેકશનથી રૂ.૪,૭૮,૭૧૬ બીજા અન્ય ખાતામાં ટ્રાન્સફર થઈ ગયેલ હોય તેની જાણ થયેલ હતી.

ત્યારે બેંક મેનેજરે જાણ કરેલ કે, તમારી સાથે સાયબર ફ્રોડ થયેલ છે. જેથી દીકરા રવિને ફોન કરી જાણ કરેલ કરતાં તેને સાયબર હેલ્પ લાઇન નંબર ૧૯૩૦ ઉપર ફોન કરી અરજી કર્યા બાદ ફરીયાદ નોંધાવી હતી.

ગઇ તા.૨૮/૦૫ ના રોજ તેઓના મોબાઇલમાં એપ બોમ્બીટપ રીલીઝ અને ઈન્સ્ટોલ એપીકે તેઓની જાણ બહાર જાણ બહાર ઈન્સ્ટોલ થયેલ તેના લીધે ફ્રોડ થયેલ હોય તેવી તેઓને શંકા છે. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

રાજકોટમાં ધનતેરસે સુવર્ણમય વૈભવમાં ઝળહળ્યા સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજ



રાજકોટ, ધનતેરસના પાવન અને મંગલમય પર્વે શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજ સુવર્ણમય અલૌકિક શણગારમાં દિવ્ય દર્શન આપી રહ્યા છે. દાદાએ સુવર્ણ આભાથી ઝળહળતી સોનેરી ધોતી ધારણ કરી છે.

સોનેરી મનોહર ખેસ દાદાના સ્વરૂપને વિશેષ દિવ્યતા અર્પે છે.મસ્તક પર સુવર્ણ મુગટ અને કાનમાં સુવર્ણ કુંડળ શોભા વધારી રહ્યાં છે. વિવિધ રત્નો અને અલંકારોથી જડિત હાર દાદાના હૃદયસ્થળે વિરાજે છે. કંદોરા સહિતના સુવર્ણ આભૂષણો દાદાના સ્વરૂપને રાજવી ઠાઠ અર્પે છે. મસ્તકથી ચરણ સુધી સુવર્ણ આભૂષણોની ઝગમગાટ અલૌકિક આકર્ષણ સર્જે છે.

રાજકોટના ત્રિકોણબાગ ખાતે શ્રી જલારામ જન્મોત્સવ સમિતિ દ્વારા પૂ. શ્રી જલારામ ઝંડીનું વિતરણ કરાયું

રાજકોટ,શ્રી જલારામ જન્મોત્સવ સમિતિ રાજકોટ દ્વારા ત્રિકોણબાગ ખાતેથી પૂ. શ્રી જલારામ ઝંડીનું વિતરણ તેમજ રિક્ષામાં ઝંડી લગાવાઈ. આગામી તા.૧૬ નવેમ્બરને સોમવારના રોજ પૂ. શ્રી જલારામ બાપાની ૨૨૭ મી જન્મજયંતિ નિમિતે સવારે ૯ કલાકે પૂજન વિધિ, સંતોના આશીર્વાદ, સ્વાગત બાદ સવારે ૧૦ કલાકે શોભાયાત્રાનું પ્રસ્થાન થશે. જે શહેરના વિવિધ રાજમાર્ગો પરથી પસાર થઈ પંચનાથ મંદિરે વિરામ પામશે.

જ્યાં બપોરે ૧ કલાકે મહાઆરતી કરવામાં આવશે તથા પંચનાથ મહાદેવ મંદિર વિસ્તારમાં તમામ જલારામ ભક્તો માટે પૂ.શ્રી.જલારામ બાપાનો મહાપ્રસાદ યોજાશે. શોભાયાત્રામાં ટુ વ્હીલર, ફોર વ્હીલર, તથા વિવિધ ધાર્મિક સાસ્કૃતિક સામાજિક સંદેશાઓ સાથે ફ્લોટ્સ મૂકવામાં આવશે. ત્રિકોણ બાગ ખાતેથી ઝંડી વિતરણ કરાયું. જેમ દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂ.શ્રી.જલારામ બાપાની ઝંડીઓનું વિતરણ કરાયું તથા ત્રિકોણબાગ ખાતેથી રીક્ષામાં ઝંડી લગાવવામાં આવેલ.

વેન્સન એનર્જી લિ.નું બેંક ખાતું ફ્રીઝ થતાં એલ.પી.જી.સપ્લાય ખોરવાયો

કણકોટ પ્લાન્ટ છેલ્લા ૨૦ દિવસથી બંધ : કંપનીએ ડિરેક્ટર સામે કર્યા ગંભીર આક્ષેપ

રાજકોટ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં એલ.પી.જી.ગેસ સિલિન્ડરનું વ્યાપક વિતરણ કરતી વેન્સન એનર્જી લિમિટેડ હાલ ગંભીર આંતરિક વિવાદ અને આર્થિક સંકટનો સામનો કરી રહી છે. કંપનીનું એચ.ડી.એફ.સી.બેંકમાં આવેલું ખાતું 'નો-ડેબિટ' (ડેબિટ ફ્રીઝ) કરવામાં આવતાં બેંકિંગ વ્યવહારો અટકી ગયા છે અને તેની સીધી અસર એલ.પી.જી.ગેસના પુરવઠા પર પડી છે. આ સમગ્ર મામલે કંપનીએ સત્તાવાર નિવેદન જાહેર કરીને ડિરેક્ટર નૈનેશ દાવડા સામે ગંભીર આક્ષેપો કર્યા છે.



કંપનીના નિવેદન મુજબ, ચાર ડિરેક્ટરો પૈકીના એક નૈનેશ દાવડાએ એચ.ડી.એફ.સી. બેંકના કસ્ટમર કેરમાં કંપનીના ખાતામાં છેતરપિંડી થવાની આશંકા વ્યક્ત કરીને રિપોર્ટ કર્યો હતો. કંપનીનો આક્ષેપ છે કે આ અંગે અન્ય ડિરેક્ટરો કે એકાઉન્ટ વિભાગ સાથે કોઈ ચર્ચા કે તપાસ કરવામાં આવી નહોતી. ત્યારબાદ બેંક દ્વારા કંપનીના ખાતા પર તાત્કાલિક અસરથી ડેબિટ ફ્રીઝ લાગુ કરવામાં આવ્યું હતું.

કંપનીના જણાવ્યા અનુસાર, ખાતું પુનઃ કાર્યરત કરવા માટે ચારેય ડિરેક્ટરોની સર્વાનુમતે સંમતિની જરૂરિયાત ઊભી થઈ છે. આ માટે નૈનેશ દાવડાનો સંપર્ક કરવામાં આવતાં તેઓ અંગત શરતો અને હિતો આગળ ધરી રહ્યા હોવાનો કંપનીએ આક્ષેપ કર્યો છે. વધુમાં, ડિસ્ટ્રિબ્યુટરો, ડીલરો અને કર્મચારીઓના ફોનનો જવાબ ન મળતો હોવાને કારણે વહીવટી મુશ્કેલીઓ વધી હોવાનું નિવેદનમાં જણાવાયું છે.

બેંક ખાતું ફ્રીઝ થવાના કારણે કંપનીના નાણાકીય વ્યવહારો અટકી જતાં ગેસની ખરીદી અને પુરવઠાની કામગીરી પર અસર થઈ છે. કંપનીના જણાવ્યા મુજબ, કણકોટ-વાંકાનેર સ્થિત પ્લાન્ટમાં છેલ્લા ૨૦ દિવસથી કામકાજ સંપૂર્ણપણે બંધ છે. બજારમાં અંદાજે ૨૦ હજાર જેટલા ખાલી ગેસ સિલિન્ડરો જમા થઈ ગયા છે, જેના કારણે ગ્રાહકોને કડક્ષ સપ્લાય કરવામાં મુશ્કેલી પડી રહી છે.

આ ઉપરાંત દિવાળીના તહેવારો દરમિયાન કર્મચારીઓના પગાર, ઓફિસ અને ફિલ્ડ ખર્ચના ક્લેમ તથા ટ્રાન્સપોર્ટરો અને અન્ય વેન્ડરોના નિયમિત પેમેન્ટ પણ અટવાયાં હોવાનું કંપનીએ જણાવ્યું છે.

'તેરા તુજકો અર્પણ' : રાજકોટમાં ૫૧ મોબાઈલ ફોન શોધી મૂળ માલિકોને પરત કરાયા



રાજકોટ, રાજકોટ શહેર પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી મૂળ માલિકોને પરત સોંપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક અને ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનની ટીમે એક મહિનામાં કુલ ૫૧ મોબાઈલ ફોન શોધી કાઢી રૂ.૧૦,૬૨,૪૬૭ની કિંમતનો મુદ્દામાલ અરજદારોને પરત સોંપ્યો છે.

આ કામગીરીમાં ડી.સી.બી. પોલીસ સ્ટેશનના એસીપી ક્રાઈમ બી.બી. બસીયાના અધ્યક્ષસ્થાને પીઆઈ એ.એસ. ચાવડા તથા સ્ટાફે ટેકનિકલ સોર્સના આધારે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન સીઈઆઈઆર પોર્ટલ પર સતત મોનિટરિંગ કરી ગુમ થયેલા મોબાઈલ ફોનની વિગતો મેળવી તેને ટ્રેસ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મોબાઈલ ફોન રિકવર કરી મૂળ માલિકોને પરત સોંપવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

ઓક્ટોબર માસ દરમિયાન તા. ૧-૧૦ થી ૩૧-૧૦ સુધીમાં કુલ ૫૧ મોબાઈલ ફોન રિકવર કરવામાં આવ્યા હતા. આ મોબાઈલ ફોનની કુલ કિંમત રૂ.૧૦,૬૨,૪૬૭ થાય છે. તમામ મોબાઈલ ફોન 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત અરજદારોને પરત આપવામાં આવ્યા હતા.

આ કામગીરીમાં પીઆઈ એ.એસ. ચાવડા સહિત પીઆઈ એમ.એલ. ડામોર અને પીઆઈ સી.એચ. જાદવ તથા ટીમના એએસઆઈ ભુપતભાઈ કે. દેસાઈ, કોન્સ્ટેબલ નગ્માબેન એમ. સુમરાએ જહેમત ઉઠાવી હતી. ગુમ થયેલા મોબાઈલ ફોન પરત મળતા અરજદારોએ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

રાજકોટની શ્યામવાડીમાં ભાઈબીજે શ્રી ગુ.ક્ષ.કડિયા જ્ઞાતિનું સ્નેહમિલન

રાજકોટ, શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમસ્ત, રાજકોટ દ્વારા દર વર્ષની માફક નવા વર્ષની શરૂઆતમા' દરેક જ્ઞાતિજનો એકાબીજાને હળે મળે અને નવા વર્ષની શુભ શરૂઆતમાં તા.૧૧ના બુધવારે સવારે ૯ કલાકે શ્યામવાડી, ભકિતનગર સર્કલ ખાતે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે.

જ્ઞાતિ સમસ્ત પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકીએ જણાવ્યું છે કે, બુધવારના રોજ આ સ્નેહમીલ સમારોમાં જ્ઞાતિ સમસ્ત દ્વારા સંચાલીત વિવિધ સમીતીઓમાં શ્રી શ્યામવાડી ટ્રસ્ટ, શ્રી મોહન માંડણ વિદ્યાર્થી ભવન સમીતી, સાંસ્કૃતિક અને રમતગમત સમીતી, વિદ્યાથી મંડળ સમીતી, શ્યામ મંદિર સમીતી તથા વિવિધ મંડળોના તમામ હોદેદારો તથા કારોબારી સભ્યો અને જ્ઞાતિના દરેક ભાઈઓ બહેનો, માતાઓ, વડીલો તથા નવયુવાનોને ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ અપાયું છે.

જ્ઞાતિ દ્વારા હર હંમેશ વિવિધ પ્રકારની સમાજના ઉત્થાન માટેની સામાજીક, સેવાકીય, સંગઠનાત્મક પ્રવૃતિઓનુ' આયોજન કરવામા' આવતુ હોય છે. ત્યારે આવનારા નુતન વર્ષમાં પણ દરેક જ્ઞાતિજનોને શુભેચ્છા પાઠવવા સાથે સાથે હળી મળીને એકબીજા સાથે વધુ ને વધુ સંગઠીત સમાજ બને તેવા ઉમદા હેતુથી મળી શ્રી આપા ગીગાના ચરણોમાં પ્રાર્થના કરવા અને અલ્પાહાર માટે મળવા નરેન્દ્રબાપુએ આમંત્રણ પાઠવ્યું છે.

બેડીપરા પટેલવાડી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલને ભાવાંજલિ અર્પણ કરાઈ

રાજકોટ, રાજકોટના બેડીપરા સ્થિત પટેલવાડી ખાતે શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ દ્વારા અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ભાવાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સરદાર પટેલ સોશ્યલ ગ્રુપ-બેડીપરા, શ્રી સરદાર પટેલ મહિલા સોશ્યલ ગ્રુપ-બેડીપરા તથા શ્રી સરદાર પટેલ સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી તેમના રાષ્ટ્રપ્રેમ, પ્રામાણિકતા અને રાષ્ટ્રની એકતા માટેના યોગદાનને યાદ કરી ઋણસ્વીકાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી સહિત ઉપસ્થિત મહાનુભાવોનું શાલ, શિલ્ડ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી રાષ્ટ્રનિર્માણમાં તેમના અતુલનીય યોગદાનને નમન કર્યું હતું.



તમે માત્ર મેડલ જ નથી જીત્યા, પરંતુ લાખો લોકોના દિલ પણ જીત્યા : પીએમ મોદી



પીએમ મોદીએ ભારતીય પેરા એશિયન ગેમ્સ દળના વખાણ કર્યા

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં ભારતીય પેરા-એથ્લેટ્સના ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, તેમણે માત્ર મેડલ જ નથી જીત્યા, પરંતુ પોતાની દ્રઢ નિશ્ચયશક્તિ, સાહસ અને અડગ મનોબળ દ્વારા લાખો દેશવાસીઓના દિલ પણ જીતી લીધા છે.

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં ભાગ લેનારા ભારતીય ખેલાડીઓ સાથે વાતચીત દરમિયાન, તેમણે કહ્યું કે આ ખેલાડીઓએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે સર્વોચ્ચ સિદ્ધિઓ પાછળ પ્રબળ નિશ્ચયશક્તિ અને સાહસ હોય છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, "તમે માત્ર મેડલ જ નથી જીત્યા, પરંતુ લાખો દેશવાસીઓના દિલ પણ જીતી લીધા છે. તમારા જેવા તમામ પેરા-એથ્લેટ્સને જોઈને ફરી એકવાર સાબિત થાય છે કે સૌથી ઊંચી ઉડાન ભરવા માટે પ્રબળ નિશ્ચયશક્તિ અને સાહસની જરૂર હોય છે."

છેલ્લા એક દાયકામાં રમતગમત ક્ષેત્રે ભારતમાં આવેલા પરિવર્તન પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રી મોદીએ ૨૦૧૪ના સમયગાળામાં ઉભરતા ખેલાડીઓ સામે આવતા પડકારોને યાદ કર્યા. તે સમયે માતા-પિતા પોતાના બાળકોને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં અચકાતા હતા અથવા ડરતા હતા.

તેમણે કહ્યું કે તે સમયે દેશ અપૂરતા માળખાકીય સુવિધાઓ, સંસાધનોની અછત, સમર્થનનો અભાવ અને પારદર્શીતાના અભાવ જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યો હતો. તે સમયે ઘણા લોકો એવું માનતા હતા કે આ વ્યવસ્થા (સિસ્ટમ) હવે સુધરી શકે તેમ નથી.

પ્રધાનમંત્રીએ કહ્યું, "લોકો કહેતા હતા કે આ વ્યવસ્થા સુધારી શકાય તેમ નથી. તેઓએ એવું માની લીધું હતું કે પરિસ્થિતિ હંમેશા આવી જ રહેશે."

ખેલાડીઓની દ્રઢ નિશ્ચયશક્તિ અને રમતગમત ક્ષેત્રની વ્યવસ્થામાં સુધારા માટે દેશ દ્વારા કરવામાં આવેલા પ્રયાસો વચ્ચે સમાનતા દર્શાવતા, તેમણે કહ્યું કે સરકારે એ સુનિશ્ચિત કરવાનો સંકલ્પ કર્યો હતો કે યુવાનોની પ્રતિભા વેડફાય નહીં. સાથે જ, જે વ્યવસ્થાએ અગાઉ તેમને આગળ વધતા રોક્યા હતા.

હું સુપર ઈન્ટેલિજન્સના ૧૦૦% પક્ષમાં છું: અમેરિકન રાષ્ટ્રપ્રમુખ

ટ્રમ્પે AI-આધારિત સંપત્તિનું સર્જન કરવા ઈચ્છતા અમેરિકી રાજ્યોને સમર્થન આપવાનું વચન આપ્યું

વોશિંગ્ટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કૃત્રિમ બુદ્ધિ (AI)નો વિસ્તાર કરવા માંગતા રાજ્યોને ટેકો આપવાનું વચન આપ્યું છે, અને દલીલ કરી છે કે ઝડપથી વિકસતી ટેકનોલોજી દેશભરમાં નોંધપાત્ર આર્થિક લાભો લાવી શકે છે અને નવી તકો ઊભી કરી શકે છે.

શુક્રવાર, ૬ નવેમ્બરના રોજ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ટ્રમ્પે "સુપર ઈન્ટેલિજન્સ (SI)" તરીકે વર્ણવેલ બાબતો માટે મજબૂત સમર્થન વ્યક્ત કર્યું અને જણાવ્યું કે તેમનું વહીવટીતંત્ર કૃત્રિમ બુદ્ધિ સંબંધિત રોકાણ અને વિકાસને આકર્ષવા માંગતા રાજ્યો સાથે કામ કરશે.

યુનાઇટેડ સ્ટેટ્સે કૃત્રિમ બુદ્ધિમત્તાને કેવી રીતે નિયંત્રિત કરવી જોઈએ તે અંગે વધતી રાજકીય ચર્ચા વચ્ચે તેમની ટિપ્પણી આવી છે, ખાસ કરીને મંગળવારની મધ્યસત્ર ચૂંટણીઓમાં ડેમોક્રેટ્સે તેમના મજબૂત પ્રદર્શન પછી ટેકનોલોજી પર વધુ દેખરેખ રાખવા માટે દબાણ કર્યું છે.

ટ્રમ્પ કહે છે કે AI યુએસ રાજ્યોમાં સંપત્તિ લાવી શકે છે

તેમની પોસ્ટમાં, ટ્રમ્પે સૂચવ્યું હતું કે અદ્યતન છૈં તકનીકોને અપનાવનારા રાજ્યો નોંધપાત્ર આર્થિક લાભ મેળવી શકે છે.

"રાષ્ટ્રપતિ તરીકે, હું સુપર ઈન્ટેલિજન્સ (SI) ના ૧૦૦% પક્ષમાં છું, અને યુ.એસ.માં ઘણા રાજ્યો સાથે કામ કરીશ જે તેમને મેળવીને ધનવાન બનવા માંગે છે. તેઓ સોનું છે, અને ફક્ત મૂર્ખ નેતૃત્વ જ તેઓ લાવેલી સંપત્તિને 'ના' કહેશે!" ટ્રમ્પે લખ્યું.

પંજાબના રાજપુરામાં કર્મભૂમિ એક્સપ્રેસના કેટલાક ડબ્બાઓમાં આગની ઘટના સદનસીબે કોઈ જાનહાનિના અહેવાલ નથી



રાજપુર,

પંજાબના પટિયાલામાં રાજપુરા રેલવે સ્ટેશન નજીક, સરાઈ બંજારા ગામ પાસે 'કર્મભૂમિ એક્સપ્રેસ'માં ભીષણ આગ લાગી હતી. ટ્રેનના ચાર ડબ્બા (કોચ) આગની લપેટમાં આવી ગયા હતા. આ ઘટના ત્યારે બની જ્યારે ટ્રેન અમૃતસરથી ન્યૂ જલપાઈગુડી જઈ રહી હતી. આગ લાગ્યા બાદ ટ્રેનને રોકી દેવામાં આવી હતી. ડબ્બાઓમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગતા મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને તેઓ પોતાનો જીવ બચાવવા ટ્રેનમાંથી બહાર દોડી આવ્યા હતા. સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગાઢ વાદળો જોવા મળ્યા હતા.

પ્રારંભિક અહેવાલોમાં કેટલાક મુસાફરોને ઈજા થઈ હોવાની શક્યતા દર્શાવવામાં આવી હતી. જોકે, નોર્થન રેલવેના ચીફ પબ્લિક રિલેશન્સ ઓફિસર (CPRO) હિમાંશુ શેખર ઉપાધ્યાયે જાનહાનિના અહેવાલોને નકારી કાઢ્યા હતા.

અયોધ્યામાં દીપોત્સવ દરમિયાન એક નવો રેકોર્ડ બનશે, ૫૬ ઘાટ પર ૩૦ લાખ દીવા પ્રગટાવવામાં આવશે

રામ નગરીમાં ૧૦માં દીપોત્સવને ઐતિહાસિક બનાવવા માટે વ્યાપક તૈયારીઓ કરવામાં આવી

લખનૌ,

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં દીપોત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ વર્ષે, રામ નગરીમાં ૧૦મો દીપોત્સવ ઉજવવામાં આવશે. આ દીપોત્સવને ઐતિહાસિક બનાવવા માટે વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે, અને આ વખતે એક નવો રેકોર્ડ બનવાનો છે. અહેવાલો અનુસાર, અયોધ્યામાં ૫૬ ઘાટ પર ૩૫,૦૦૦ સ્વયંસેવકોએ ૩ મિલિયન દીવાઓ શણગાર્યા છે. આ અત્યાર સુધીનો સૌથી મોટો દીપોત્સવ બનવાનો છે. દીપોત્સવ



માટે અયોધ્યામાં પણ કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ચૂંટણી પહેલા આ છેલ્લી દિવાળી છે.

રામની નગરી અયોધ્યામાં યોગી સરકારના દસમા દીપોત્સવ માટે તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ વર્ષે અયોધ્યામાં દીપોત્સવ ભવ્ય અને યાદગાર રીતે ઉજવવામાં આવી રહ્યો છે.

કયા વર્ષે કેટલા દીવા પ્રગટાવવામાં આવ્યા

૨૦૨૧: ૯.૪૧ લાખ દીવા
૨૦૨૨: ૧૫.૭૬ લાખ દીવા
૨૦૨૩: ૨૨.૨૩ લાખ દીવા
૨૦૨૪: ૨૫.૧૨ લાખ દીવા
૨૦૨૫: ૨૬.૧૭ લાખ દીવા
૨૦૨૬: ૩૦-૩૩ લાખ દીવા પ્રગટાવવામાં આવશે

સરયુના ૫૬ ઘાટને ૩૦ થી ૩૩ લાખ દીવાઓથી શણગારવામાં આવ્યા છે.

યુનો બેંકિંગ કટોકટીના વિરોધ વચ્ચે પેરાગ્વેના રાષ્ટ્રપતિએ રાજીનામું આપ્યું

નવીદિલ્હી,

પેરાગ્વેના રાષ્ટ્રપતિ સેન્ટિયાગો પેનાએ યુએસ-મિત્ર નેતા સાથે જોડાયેલી બેંકના કબજા પછી રાજીનામું આપ્યું હતું, જેમાં લગભગ અડધા લોકો તેમના નાણાં મેળવવાથી રોકાયા હતા.

બે દિવસ પહેલા સેન્ટ્રલ બેંક દ્વારા યુએનો બેંક જપ્ત કરવાથી પેન્શનરો સહિત લગભગ ત્રીસ લાખ લોકોની થાપણો સ્થગિત થઈ ગઈ હતી અને દેશભરમાં ગુસ્સે ભરાયેલા પ્રદર્શનો શરૂ થયા હતા.

ગુરુવારે હજારો પેરાગ્વેના લોકો કોંગ્રેસની બહાર રાષ્ટ્રપતિ સામે વિરોધ કરવા માટે એકઠા થયા હતા, જેઓ હજુ પણ તકનીકી રીતે સત્તામાં છે કારણ કે તેમનું રાજીનામું સંસદીય મંજૂરીની રાહ જોઈ રહ્યું છે.

"પૈસા પાછા આપો," AFP પત્રકારોએ તેમને બૂમો પાડતા સાંભળ્યા. અગાઉના પ્રદર્શનોમાં પોલીસ સાથે અથડામણ થઈ હતી, જેમણે ભીડ પર ટીયર ગેસ અને પાણીના તોપનો ઉપયોગ કર્યો હતો.

"મારા પરિવાર પાસે પૈસા ખતમ થઈ ગયા, અમારી પાસે કોઈ રોકડ નથી. સેન્ટી (પેના) એક ગુનેગાર છે, તેને જેલમાં જવું પડશે," ૨૧ વર્ષીય વિદ્યાર્થી વિરોધકર્તા એન્ડ્રેસ માલ્ડોનાડોએ AFP ને જણાવ્યું.

કાયદા નિર્માતાઓએ ગુરુવારે સર્વસંમતિથી પેના સામે કટોકટી પર મહાભિયોગ કાર્યવાહી શરૂ કરવા માટે મતદાન કર્યું હતું, જેમાં તેમણે જે બેંક સાથે જોડાયેલા છે તેની સાથે વ્યવહારમાં ગેરવર્તણૂક અને હિતોના સંઘર્ષનો આરોપ લગાવ્યો હતો.

પંજાબ અને હરિયાણાએ હિમાચલ પ્રદેશને ૧૧,૯૭૩ મિલિયન યુનિટ વીજળી આપવી પડશે

હિમાચલ પ્રદેશને રોકડ નહીં પણ વીજળીના રૂપમાં બાકી લેણાં ચૂકવવામાં આવશે

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે પંજાબ, હિમાચલ પ્રદેશ અને હરિયાણા વચ્ચેના દાયકાઓ જૂના વીજળી વિવાદ પર પોતાનો ચુકાદો આપ્યો છે. આ વિવાદ ભાખરા-બિયાસ મેનેજમેન્ટ બોર્ડ પ્રોજેક્ટ્સ સાથે સંબંધિત હતો. સુપ્રીમ કોર્ટના નિર્ણય મુજબ, પંજાબ અને હરિયાણા આગામી ૨૦ વર્ષમાં હિમાચલ પ્રદેશને તેના વીજળીના બાકી લેણાં ચૂકવશે, જે ૧૧,૯૭૩ મિલિયન યુનિટ છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના પ્રસ્તાવને પણ સ્વીકાર્યો છે. આ અંતર્ગત, હિમાચલ પ્રદેશને રોકડ નહીં પણ વીજળીના રૂપમાં બાકી લેણાં ચૂકવવામાં આવશે. આ બાકી લેણાં બીબીએમબી પ્રોજેક્ટ્સ સાથે સંબંધિત છે અને ૧૯૬૬ થી તેનું સમાધાન થવાનું છે. આમ, સુપ્રીમ કોર્ટે આ લાંબા સમયથી ચાલતા ઊર્જા વિવાદનો અંત લાવ્યો છે.

૨૦૧૧ના નિર્ણય હેઠળ, હિમાચલ પ્રદેશનો હિસ્સો ૭.૧૯ ટકા નક્કી કરવામાં આવ્યો હતો. આના આધારે, પંજાબ અને હરિયાણાએ હવે હિમાચલ પ્રદેશને ૧,૯૭૩ મિલિયન યુનિટ વીજળી પૂરી પાડવાની રહેશે. આ વીજળી આગામી ૨૦ વર્ષમાં પૂરી પાડવામાં આવશે.

પંજાબ સરકારે શરૂઆતમાં કેન્દ્ર સરકારના પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો, જેમાં ૧૫ વર્ષથી વધુ સમય માટે વીજળીના બાકી બિલ ચૂકવવાની માંગ કરવામાં આવી હતી. જોકે, પંજાબે પાછળથી માંગ કરી હતી કે આ યોજના ૩૦ વર્ષથી વધુ સમય માટે અમલમાં મૂકવામાં આવે. દરમિયાન, હિમાચલ પ્રદેશ ઇચ્છતું હતું કે બાકી વીજળીના બાકી બિલ ૧૦ વર્ષમાં ચૂકવવામાં આવે.

આ દરખાસ્તમાં બંધના બાંધકામ પર થયેલા અગાઉના ખર્ચને પણ ધ્યાનમાં લેવામાં આવ્યો છે.

દિલ્હીમાં પ્રતિબંધિત પીપલ્સ લિબરેશન આર્મીના વોન્ટેડ આતંકવાદીની ધરપકડ

મણિપુરના થૌબલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે યુએપીએ કેસોમાં વોન્ટેડ હતો

નવીદિલ્હી,

એક મોટી સફળતામાં, દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચે પ્રતિબંધિત સંગઠન પીપલ્સ લિબરેશન આર્મીના એક વોન્ટેડ આતંકવાદીની ધરપકડ કરી છે. ડીસીપી/ક્રાઈમ, હર્ષ ઈન્દોરાએ પીએચકયુ મીડિયા સેન્ટર ખાતે એક પ્રેસ કોન્ફરન્સ સંબોધી, ઓપરેશન વિશે માહિતી આપી. આરોપીની ઓળખ આરકે રીગન સિંહ ઉર્ફે ગાંધી (૩૫) તરીકે થઈ. માહિતી અનુસાર, આરોપી મણિપુરના થૌબલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે યુએપીએ કેસોમાં વોન્ટેડ હતો. તેની ધરપકડ બાદ, મણિપુર પોલીસ સાથે તેની ઓળખ ચકાસવામાં આવી હતી, અને જરૂરી કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા પછી, તેને મણિપુર પોલીસને સોંપવામાં આવ્યો હતો.

૩ સપ્ટેમ્બરના રોજ, ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે પ્રતિબંધિત પીએલએ સંગઠનનો એક વોન્ટેડ સભ્ય દિલ્હીમાં છે. ત્યારબાદ, વરિષ્ઠ અધિકારીઓની સૂચનાના આધારે, આરોપીને શોધવા માટે એક ટીમ બનાવવામાં આવી હતી. ટીમે ટેકનિકલ દેખરેખ અને સ્થાનિક માહિતીના આધારે તેની શોધ શરૂ કરી. સર્વેલન્સે છૈંજી સુધી તેનું સ્થાન ટ્રેક કર્યું. પોલીસ ટીમ ત્યાં પહોંચી, પરંતુ હોસ્પિટલમાં દાખલ થયેલા તે નામનો કોઈ દર્દી મળ્યો નહીં. ત્યારબાદ, પોલીસે યુસુફ સરાય વિસ્તારમાં હોટલો તપાસી અને નજીકના કેમેરામાંથી સીસીટીવી ફૂટેજની સમીક્ષા કરી.

યુએસમાં વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટી દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પ સામે મહાભિયોગ લગાવવાની તૈયારી



મધ્યસત્ર ચૂંટણી પરિણામો બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ વધી

વોશિંગ્ટન,

યુએસમાં તાજેતરના મધ્યસત્ર ચૂંટણી પરિણામો બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ વધી ગઈ છે. એક તરફ, ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ સહિત ઘણા રિપબ્લિકન પાર્ટીના નેતાઓ ટ્રમ્પની નીતિઓનો વિરોધ કરી રહ્યા છે, તો બીજી તરફ, વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટી ડોનાલ્ડ ટ્રમ્પ પર મહાભિયોગ લગાવવાની તૈયારી કરી રહી છે. નોંધનીય છે કે તાજેતરની મધ્યસત્ર ચૂંટણીઓ પછી, ડેમોક્રેટ્સે યુએસ સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ બંનેમાં બહુમતી મેળવી છે. આ પરિણામો ટ્રમ્પ માટે મોટો ઝટકો સાબિત થયા છે. એક તરફ, મધ્યવર્તી ચૂંટણીના પરિણામોએ રિપબ્લિકન પાર્ટીને વિભાજીત કરી દીધી છે. દરમિયાન, ડેમોક્રેટ્સ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે મહાભિયોગ કાર્યવાહી માટે જમીન તૈયાર કરી રહ્યા છે. ડેમોક્રેટિક કોંગ્રેસમેન રોબર્ટ ગાર્સિયાએ સોશિયલ મીડિયા પર ફક્ત બે શબ્દો સાથે એક સંદેશ પોસ્ટ કર્યો: વકીલ બનો. અહેવાલો અનુસાર, હાઉસ ઓવરસાઇટ કમિટીના વડા બનનારા રોબર્ટ ગાર્સિયા ટ્રમ્પના દરેક વિભાગમાં તપાસ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. ગાર્સિયાએ જણાવ્યું છે કે ટ્રમ્પ પરિવારના વ્યવસાયિક વ્યવહારો અને ભ્રષ્ટાચારની તપાસ કરવામાં આવશે, તેમજ કથિત એપસ્ટેઇન ફાઇલોના એક્સપોઝર અને કવર-અપમાં વ્હાઇટ હાઉસ અને ન્યાય વિભાગની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવશે.

કેન્દ્ર સરકારે દેશમાં રહેતા વિદેશી નાગરિકોની વિવિધ શ્રેણીઓ માટે પાસપોર્ટ અને વિઝા નિયમો હળવા કર્યા

નેપાળ, ભૂટાન અને ભારત વચ્ચે મુસાફરી અને ઓળખ નિયમો પણ સરળ બનાવવામાં આવ્યા

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે દેશમાં રહેતા વિદેશી નાગરિકોની ઘણી શ્રેણીઓ માટે પાસપોર્ટ અને વિઝા નિયમો હળવા કર્યા છે. આમાં કેટલાક પાકિસ્તાની નાગરિકો, લઘુમતી શરણાર્થીઓ, શ્રીલંકાના તમિલ અને તિબેટીઓનો સમાવેશ થાય છે. ગુરુવારે જારી કરાયેલ "ઇમિગ્રેશન અને વિદેશીઓ (મુક્તિ) (સુધારા) આદેશ, ૨૦૨૬" હેઠળ, નેપાળ, ભૂટાન અને ભારત વચ્ચે મુસાફરી અને ઓળખ નિયમો સરળ બનાવવામાં આવ્યા છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા સુધારેલા નિયમો અનુસાર, ભારતમાં કાયમી સ્થાયી થવાના ઈરાદાથી ૩૧ ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ અથવા તે પહેલાં ભારતમાં પ્રવેશેલા પાકિસ્તાની નાગરિકોને સામાન્ય પાસપોર્ટ નવીકરણ આવશ્યકતાઓમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ મુક્તિ એવા લોકોને લાગુ પડે છે જેઓ પાકિસ્તાન દ્વારા જારી કરાયેલ કોમ્પ્યુટરાઈઝ્ડ નેશનલ આઈડેન્ટિટી કાર્ડના અભાવે તેમના મુસાફરી દસ્તાવેજો નવીકરણ કરવામાં અસમર્થ છે.

આ મુક્તિ માટે પાત્ર બનવા માટે, તે વ્યક્તિએ લગ્ન કર્યા ન હોવા જોઈએ અથવા પાકિસ્તાનમાં કોઈ સ્થાવર મિલકત ખરીદી ન હોવી જોઈએ. વધુમાં, તેમના પ્રસ્થાન દરમિયાન પાછળ રહી ગયેલા કોઈપણ પરિવારના સભ્યો ભારતીય નાગરિક હોવા જોઈએ. વધુમાં, તેમણે બાંયધરી આપવી જોઈએ કે તેઓ પાકિસ્તાન પાછા નહીં ફરે. સૂચનામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે તેમની સામે કોઈ પ્રતિકૂળ પોલીસ અથવા સુરક્ષા એજન્સીના અહેવાલો ન હોવા જોઈએ.

મુક્તિની ત્રીજી શ્રેણીમાં ભારતીય મૂળના વ્યક્તિઓનો સમાવેશ થાય છે જેમણે મલેશિયન અથવા સિંગાપોરની નાગરિકતા મેળવી હતી અને ૩૧ ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ અથવા તે પહેલાં તે દેશો દ્વારા જારી કરાયેલા પાસપોર્ટનો ઉપયોગ કરીને ભારત પાછા ફર્યા હતા. આ વ્યક્તિઓના પાસપોર્ટની મુદત પૂરી થઈ ગઈ છે અને રિન્યુ કરવામાં આવ્યા નથી કારણ કે તે સંબંધિત દેશોની રિન્યુલ આવશ્યકતાઓને પૂર્ણ કરતા નથી.

સૂચના અનુસાર, આ જોગવાઈ હેઠળ "ભારતીય મૂળની વ્યક્તિ" નો અર્થ એવો વિદેશી નાગરિક (પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન, ભૂતાન, નેપાળ અને ચીનનો નાગરિક નથી) છે જેની પાસે ક્યારેય ભારતીય પાસપોર્ટ છે; અથવા તે વ્યક્તિ, તેના માતાપિતા, દાદા-દાદી, અથવા પરદાદા ભારતમાં જન્મ્યા હતા અને ભારત સરકાર અધિનિયમ, ૧૯૩૫ (ભારત સરકાર અધિનિયમ, ૧૯૩૫) માં ઉલ્લેખિત પ્રદેશોમાં અથવા તે પ્રદેશોમાં કાયમી રીતે રહેતા હતા જે પછીથી ભારતનો ભાગ બન્યા. શરત એ છે કે તેઓ ક્યારેય ઉપર ઉલ્લેખિત દેશો (પાકિસ્તાન, બાંગ્લાદેશ, વગેરે) ના નાગરિક ન હોવા જોઈએ.

ઓબીસી ઉમેદવારનો ક્રીમી લેયર દરજ્જો માતાપિતાના પગારની આવકના આધારે નક્કી કરી શકાતો નથી

કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો

નવીદિલ્હી,

શુક્રવારે, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર પોતાનો ચુકાદો આપ્યો. કેન્દ્રએ સુપ્રીમ કોર્ટના ૧૧ માર્ચના નિર્ણય પર સ્પષ્ટતા માંગી હતી. તે નિર્ણયમાં, કોર્ટે જણાવ્યું હતું કે ઓબીસી ઉમેદવારનો ક્રીમી લેયર દરજ્જો ફક્ત તેમના માતાપિતાની પગાર આવકના આધારે નક્કી કરી શકાતો નથી. તેમના પદોની શ્રેણી પણ ધ્યાનમાં લેવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે તેનો નિર્ણય ફક્ત કેસમાં સામેલ પક્ષોને લાગુ પડે છે. અગાઉ નક્કી કરાયેલા વરિષ્ઠતા અને પ્રમોશનના કેસ ફરીથી ખોલવામાં આવશે નહીં. બાકી રહેલા કેસોનો નિર્ણય



સંબંધિત અદાલતો દ્વારા તેમના પોતાના તથ્યો અને યોગ્યતાના આધારે લેવામાં આવશે. કોર્ટે તેના નિર્ણયને લાગુ કરવા માટે આઠ અઠવાડિયાનો સમય પણ આપ્યો હતો.

ન્યાયાધીશ પામિદિઘંથમ શ્રી નરસિંહા અને આર. મહાદેવનની બેન્ચે કેન્દ્ર સરકારની વિવિધ અરજી પર આ નિર્ણય આપ્યો હતો. કેન્દ્ર સરકારે વિનંતી કરી હતી કે ૧૧ માર્ચના નિર્ણયને ભવિષ્યમાં લાગુ કરવામાં આવે. નિર્ણયની નકલ હજુ ઉપલબ્ધ નથી.

કેન્દ્ર સરકારે ભૂતકાળના કેસોમાં નિર્ણય લાગુ કરવાના સંભવિત પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમાં દલીલ કરવામાં આવી હતી કે આવા અર્થઘટનથી કેન્દ્ર સરકાર, ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા પહેલાથી જ પૂર્ણ થયેલી ભરતીઓ અને પ્રવેશો પર અસર પડી શકે છે.

કેન્દ્રની અરજીમાં જણાવાયું હતું કે બદલાયેલા પાત્રતા માપદંડોના પૂર્વવર્તી અથવા વિલંબિત અમલીકરણથી તે સમયે અમલમાં રહેલા નિયમો અને પ્રમાણપત્રોના આધારે કરવામાં આવેલી નિમણૂકો અને પ્રવેશોમાં અનિશ્ચિતતા ઊભી થઈ શકે છે. આ ઓબીસી એનસીએલ સ્થિતિ, વરિષ્ઠતા, સેવા શરતો અને કારકિર્દી પ્રગતિ અંગે અનિશ્ચિતતા ઊભી કરી શકે છે.

દિવાળી પર્વે રંગ અને રોશનીથી ઝળહળ્યું રંગીલું રાજકોટઃ રેસકોર્સમાં ફૂડ-ટેબ્લો કાર્નિવલની સાથે ભવ્ય આતશબાજી







રાજકોટઃ રાજકોટ મનપા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ લોકોને મનોરંજન માટે દિવાળી કાર્નિવાલ અને આતશબાજીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે સકોર્સ રિંગરોડ ફરતે રંગોળી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આતશબાજી કાર્યક્રમને નિહાળવા માટે હજારોની સંખ્યામાં રાજકોટ વાસીઓ ઉમટી પડ્યા હતા અને રાજકોટનું આકાશ રંગબેરંગી ફટાકડાની રંગોળીથી રંગીન બની ગયું હતું.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીના તહેવારને યાદગાર બનાવવા અને નાગરિકોમાં આનંદ, ઉત્સાહ અને નવી ઉર્જાનો સંચાર માટે રેસકોર્સ રિંગ રોડ ખાતે 'રંગ, રોશની અને દિપાવલી ઉત્સવ', 'ફૂડ ફેસ્ટિવલ' અને ટેબ્લો કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં, આકર્ષક એન્ટ્રી ગેઈટ, થીમ બેઈઝ લાઈટીંગ ડેકોરેશન, લેસર શો, રંગોળી સ્પર્ધા સહિતના વિશેષ આકર્ષણો દિવાળીના તહેવારને યાદગાર બનાવશે.

રાજકોટ મનપા દ્વારા વર્ષો જૂની પરંપરાને અનુસરી આજે દિવાળી કાર્નિવાલને ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને બાદમાં સાંજે ૭ વાગ્યે માધવરાય સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડમાં ભવ્ય આતશબાજીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હજારોની સંખ્યામાં રાજકોટ વાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ મનપાના પદાધીકારીઓ તથા અધિકારીઓ દ્વારા સૌ પ્રથમ રિમોટ મદદથી સ્વીચ દબાવી હેપી દિવાલી લખેલા ફટાકડા સાથે કાર્યક્રમનો શુભારંભ કરાવી લોકોને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી અને ત્યારબાદ એક કલાક સુધી એક બાદ એક અલગ અલગ વેરાયટીના ફટાકડાથી આકાશમાં રંગેબીરંગી ફટાકડાની રંગોળી જોવા મળી હતી.

વીજ ફોલ્ટ નિવારણ માટે ખાનગી એજન્સીને રૂા.૨૫૨ કરોડનો પ્રોજેક્ટ ફલોપ પુરવાર

રાજકોટ: પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા એક વર્ષ અગાઉ સૌરાષ્ટ્ર-કચ્છના તમામ ૨૫૬ સબ ડિવિઝનમાં વીજફોલ્ટ નિવારણ માટે ગુડગાંવની સાંઢા એન્ડ કંપનીને અપાયેલો કોન્ટ્રાક્ટ જાણે ફલોપ પુરવાર થયો હોય તે રીતે આજ સુધી એક પણ સબ-ડિવિઝનમાં ખાનગી કંપનીના કર્મચારીઓ વીજફોલ્ટ રિપેરીંગ માટે કર્મચારીઓ અને વાહનો ગોઠવવામાં નહી આવતા દિવાળીના દિવસોમાં પણ વીજફોલ્ટ નિવારવા માટે દરેક સબ-ડિવિઝનમાં પીજીવીસી એલના લાઈન સ્ટાફને સ્ટેન્ડ-ટુ રહેવાની સુચના આપવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં દર વર્ષે દિવાળીના દિવસોમાં રાત્રિ દરમિયાન વીજફોલ્ટ રીપેર કરવા માટે વધારાની સ્કવોડ ગોઠવવામાં આવે છે એ મુજબ આ વર્ષે પણ આગામી તા.૮થી સળંગ ચાર દિવસ માટે રાત્રિ દરમિયાન વધારાના લાઈન સ્ટાફને ગોઠવવામાં આવ્યો છે. જે સ્ટાફ ફટાકડાને કારણે અથવા તો અન્ય કોઈ અકસ્માતને લીધે વીજ ફોલ્ટ સર્જાય તો તેના રિપેરીગ માટે કામ કરશે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજફોલ્ટના રિપેરીગ માટે જે રૂા.૨૫૨ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે તેની વિગતોના સંદર્ભમાં ઈજનેરોએ જણાવ્યું હતું કે ગુજરાતમાં એમ.જી.વી.સી.એલ. અને પી.જી.વી.સી.એલ.માં ગુડગાંવની સાંઢા એન્ડ કંપનીને વીજફોલ્ટ નિવારવા અને કસ્ટમર કેર સેન્ટરની જાળવણી માટે એક વર્ષ અગાઉ તા.૧-૧૦-૨૦૨૫ના કામ સોંપવામાં આવ્યુ છે. આ કામગીરીની ભાગરૂપે કેટલાક સબ-ડિવિઝનમાં વીજફોલ્ટ રિપેરીંગનું કામ શરૂ થયુ હતુ પરંતુ થોડા દિવસોમાં જ આ કામ પણ પીજીવીસીએલના લાઈન સ્ટાફે સંભાળવું પડયું છે. માત્ર કસ્ટમરકેર સેન્ટરની કામગીરી આ ખાનગી કંપની સંભાળે છે. દિવાળીના દિવસોમાં ફિલ્ડ સ્ટાફ ખાનગી કંપનીને ગોઠવવાનો હોય છે પરંતુ એ કામ શરૂ થયુ નથી. વીજ લાઈનના રિપેરીંગ માટે ટાવર લોડર વાહનો ફાળવવાની જોગવાઈ પણ કોન્ટ્રાક્ટમાં કરવામાં આવી છે પરંતુ શરતોનું પાલન નહીં થતા એજન્સીને પેનલ્ટી ફટકારવામાં આવતી હોવા છતાં વીજફોલ્ટ નિવારણનું કામ એજન્સી દ્વારા શરૂ નહીં થતા તહેવારોના દિવસોમાં પીજીવીસીએલના કાયમી લાઈન સ્ટાફે કામગીરી સંભાળવાની રહેશે.

ખાનગી હોસ્પિટલમાં મહિલા કેશિયર દ્વારા રૂા. ૫.૨૦ લાખની ઉચાપત

રિસેપ્શનીસ્ટ રિંકલ ભાલુએ સોફ્ટવેરમાં ખોટી એન્ટ્રીઓ કરી ૫.૨૦ લાખ રૂપિયાની ઉચાપત કરી

રાજકોટ : કુવાડવા રોડ પરની સ્કંદ લાઇફ કેર હોસ્પિટલમાં રિસેપ્શનીસ્ટ કમ કેશિયર તરીકે નોકરી કરતી રિંકલ જીજ્ઞોશભાઈ ભાલુ (ઉ.વ.૩૧, રહે. ભગીરથ સોસાયટી શેરી નં. ૫, સંત કબીર રોડ)એ સોફ્ટવેરમાં ખોટી એન્ટ્રીઓ કરી રૂા. ૫.૨૦ લાખની ઉચાપત કર્યાની બી ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોધાઇ છે. જેના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી છે.

યુનિવર્સિટી રોડ પરના બાલાજી પાર્ક શેરી નં. ૩મા રહેતા ડો. હાર્દિક ગિરીશભાઈ સંઘાણી (ઉ.વ.૪૨)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે રિંકલ છેલ્લા ચાર વર્ષથી નોકરી કરે છે. દર્દીઓની ફીની રકમની એન્ટ્રી તેને સોફ્ટવેરમાં કરવાની હોય છે. હીસાબ તેના પત્ની શ્વેતાબેનને આપવાનો હોય છે. દર છ મહિને હોસ્પિટલનો હીસાબ વેરીફાઈ કરવામાં આવે છે.

ગઈ તા. ૩૧ના રોજ મેનેજર દેવશીભાઈ બંધ્યા સાથે હીસાબ વેરીફાઈ કરતા હતા ત્યારે બેન્કમાં પાંચેક લાખ ઓછા જમા થયાનું જણાયું હતું. વધુ તપાસમાં ગઇ તા. ૧ એપ્રિલથી તા. ૩૧ ઓક્ટોબર સુધી રૂા. ૫.૨૦ લાખ બેન્કમાં જમા નહી થયાની માહિતી મળી હતી. રિંકલ બે દિવસની રજા પરથી પરત આવતા તેને પૂછતા ગલ્લા તલ્લા શરૂ કર્યા હતાં.

પરિણામે ૧૧૨માં કોલ કરતાં આખરે કબૂલાત કરી હતી કે રૂા. ૫.૨૦ લાખ અંગત ઉપયોગમાં લીધા છે. એટલું જ નહીં આ અંગે સોફ્ટવેરમાં ખોટી એન્ટ્રીઓ કરી હતી. જેથી આખરે તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

રાજકોટઃ કોમન પાર્કિંગમાં પાર્ક કરેલી એકસાથે ૫ કાર બળીને ખાખ, સદનસીબે કોઈ જાનહાનિ નહીં

રાજકોટઃરાજકોટના ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલા પુનિત નગર પાછળના માધવ પાર્ક વિસ્તારમાં ભીષણ આગની ઘટના બની છે. જ્યાં માધવ પાર્કના કોમન પાર્કિંગમાં અચાનક જ અગમ્ય કારણોસર એક કારમાંથી આગની જવાળાઓ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આ આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું કે બાજુમાં જ પાર્ક કરેલી અન્ય ગાડીઓને પણ પોતાની ચપેટમાં લઈ લીધી હતી. ઘટનાની જાણ કરતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. આ બનાવમાં



સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.

આ બનાવમાં એક પછી એક વારાફરતી પાંચ જેટલી કાર આગની લપેટમાં આવી જતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ધૂમાડાના કાળા ડિબાંગ ગોટેગોટા જોવા મળતા સ્થાનિકોના ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા.

ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ તાબડતોબ પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ભીષણ આગની દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થયાના અહેવાલ નથી, પરંતુ પાંચેય કાર બળીને ખાખ થઈ હતી.

સાણથળીની વાડીમાં કથિત કુટણખાનું ઝડપાયું

દરોડામાં વાડી માલિક રમેશ રૂપારેલીયા સહિત પાંચ ઝડપાયા; પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટઃરાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના સાણથળી ગામે વાડીમાં ચાલતા કથિત કુટણખાના પર આટકોટ પોલીસે દરોડો પાડ્યો. પોલીસે વાડી માલિક સહિત પાંચ લોકોને ઝડપી લીધા અને ગુનો નોંધ્યો.પોલીસને રમેશ પોપટભાઈ રૂપારેલીયાની વાડીમાં કથિત કુટણખાનું ચાલતું હોવાની બાતમી મળી હતી. તેના આધારે પોલીસ ટીમે દરોડો પાડ્યો.

પોલીસે વાડી માલિક રમેશ પોપટભાઈ રૂપારેલીયા, સુરેશ ખોડાભાઈ રૂપારેલીયા, જગદીશ કાળુભાઈ સરવૈયા, મિતેશ જગદીશભાઈ પરમાર અને રાહુલ અતુલભાઈ પરમારને ઝડપી લીધા.

પોલીસના જણાવ્યા મુજબ, વાડી માલિક આર્થિક ફાયદા માટે મહિલાને બોલાવી વેશ્યાવૃત્તિ કરાવતો હોવાની માહિતી મળી હતી. આ મામલે વાડી માલિક સહિત પાંચ સામે ગુનો નોંધી પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

ઘઉંના આટાની બેગ લઈ જઈ રૂા.૪.૩૦ લાખની ઠગાઈ

જેતપુરના ૪ સામે ફરિયાદ

રાજકોટ: જસદણમાં રહેતા અને ૨૦૨૧ની સાલમાં આટકોટ-જસદણ રોડ ઉપર ભાગીદારીમાં સ્વરા એક્સપોર્ટ નામની ફલોર મીલ ધરાવતા હિતેશભાઈ ભુવા (ઉ.વ.૩૫) પાસેથી ઘઉંના આટાની બેગ લઇ, પેમેન્ટ નહીં કરી, રૂા. ૪.૩૦ લાખની ઠગાઇ કરવા અંગે જેતપુરના કપીલ નથવાણી, દેવ ઉમેશ ગણાત્રા, ધવલ ચીમનલાલ ધોળકિયા અને અજાણ્યા શખ્સ વિરૂધ્ધ જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે.

જેમાં હિતેશભાઈએ જણાવ્યું છે કે જેતપુરમાં અક્ષર ટ્રેડીંગ નામની પેઢી ધરાવતા કપીલ અને દેવ તેની પાસેથી ઘઉંના આટાની બેગ લઇ જઇ સમયસર પેમેન્ટ કરી દેતા હતા. જેને કારણે વિશ્વાસ બેસી ગયો હતો. છેલ્લા બે બીલના ૨.૩૯ લાખ બાકી રાખ્યા હતા. ઉઘરાણી કરવા જતા ફોન બંધ મળ્યા હતા. વોટ્સએપ કોલમાં સંપર્ક થતા અઠવાડિયામાં પેમેન્ટની ખાતરી આપી હતી. જો કે પેમેન્ટ આપ્યું ન હતું. જેતપુરમાં પેઢીની મુલાકાત લેતા બંધ મળી હતી. બોર્ડ પણ ઉતરી ગયા હતા.

આ જ રીતે જેતપુર માર્કેટિંગ યાર્ડમાં શ્રી કૃષ્ણા ટ્રેડીંગ નામની પેઢી ધરાવતા ધવલ અને અજાણ્યો શખ્સ પણ તેની પાસેથી આટાની બેગ લઇ જતા હતા. બંનેએ સમયસર પેમેન્ટ કરી વિશ્વાસ સંપાદન કરી લીધા બાદ છેલ્લે ૨૦૦ બેગના રૂા. ૧.૯૦ લાખ બાકી રાખ્યા હતા. બંનેએ આજ સુધી ઉઘરાણી કરવા છતાં રકમ નહી આપતા આખરે ફરિયાદ નોંધાવી હતી.

ગોંડલમાં ફટાકડા ફોડવા બાબતે યુવક પર હુમલો

ગોંડલ: ગોંડલમાં ફટાકડા ફોડવા બાબતે થયેલી બોલાચાલી બાદ એક યુવક પર ધોકા અને પથ્થરથી હુમલો થયો હતો. યુવકને માથામાં ઈજા થતાં ગોંડલ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.

ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર મુજબ, ઘટના ૫ નવેમ્બર ૨૦૨૬ની રાત્રે આઈકોનિક રોડ પર વિન્ટેજ કેફે સામેના ગ્રાઉન્ડમાં બની હતી. એક ક્ષત્રિય યુવક અને તેના મિત્રો ત્યાં ફટાકડા ફોડી રહ્યા હતા. આ દરમિયાન કેટલાક શખ્સો સાથે ફટાકડા ફોડવા બાબતે બોલાચાલી થઈ હતી.ફરિયાદ મુજબ, ઝઘડો વધતાં વિવેકભાઈ ભરવાડ અને અન્ય અજાણ્યા શખ્સોએ ગાળો આપી યુવકને ઢીકા-પાટુનો માર માર્યો હતો. વિવેકભાઈ ભરવાડે પથ્થરથી યુવકના માથામાં ઘા માર્યો હતો.

આ મામલે ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૧૮૯(૧), ૧૮૯(૨), ૧૯૦ અને જી.પી. એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી. કે. સુરાણી વધુ તપાસ કરી રહ્યા છે.

